વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧૦, અંક : ૫, મે - ૨૦૧૯














સાળંગપુરધામ મુકામે કો.પૂ.વિવેકસાગર સ્વામી (અથાણાવાળા) દ્વારા આયોજીત

**ભવ્ય હનુમાન જયંતી મહોત્સવ તા.૧૯/૪/૨૦૧૯**

## વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ




નૈરોબી એરપોર્ટ પર સ્વાગત કરતા આફ્રિકાના અગ્રણી ભક્તજનો. તા.૨૮/૩/૨૦૧૯











લંગાટા-નૈરોબી (ભુજતાબાનું મંદિર) માં ભવ્ય સ્વાગત-સત્સંગસભા-આરતી- દર્શન વગેરે તા.૨૮/૩/૨૦૧૯



## શ્રી હરિકૃષ્ણ ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક

શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ સંસ્થાન દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે રાહતદરે ફુલસ્કેપ ચોપડા તથા નોટબુક પ્રકાશિત થઈ ગયા છે. માટે જે મંદિરો, શાળાઓ કે ગ્રુપમાં મંગાવવા ઈચ્છતા હોય તેમણે વડતાલ મંદિરની ઓફિસમાં સંપર્ક કરવો.

સંપર્ક :- ૦૨૬૮-૨૫૮૯૭૨૮-૭૭૬, ૯૯૨૫૨૦૫૬૧૧,શ્રી શ્યામવલ્લભ સ્વામી

એવં ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી વગેરે સંત મંડળની આફ્રીકા સત્સંગ યાત્રા - ૨૦૧૯



ઈસ્ટ આફ્રિકા નૈરોબી મંદિર - કેન્યામાં ભવ્ય સ્વાગત- સત્સંગ સભા-આરતી-દર્શન. તા.૩૦/૩/૨૦૧૯



ઈસ્ટ આફ્રિકા નૈરોબી મંદિર દ્વારા આયોજીત દિવ્ય-ભવ્ય રંગોત્સવ - દર્શન. તા.૩૧/૩/૨૦૧૯

# વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ









**વડતાલધામ** સત્સંગ મંડળ કેન્યા-આફ્રિકા દ્વારા આયોજીત સત્સંગ સભા - દીપ પ્રાગટ્ય - સમૂહ તસ્વીર એવં આરતી દર્શન. **તા.૩૧/૩/૨૦૧૯**





**મીલીન્દી આફ્રિકા** પ.ભ.શ્રી કે.કે.વરસાણી, કે સોલ્ટ સાઈટ પર પધરામણી **તા.૩/૪/૨૦૧૯**








**મોમ્બાસા મંદિર** - ભવ્ય સ્વાગત; સભા એવં સહજાનંદ સ્કુલ તથા સમાજમાં પધરામણી. **તા.૫ તથા ૬/૪/૨૦૧૯**

## એવં ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી વગેરે સંત મંડળની આફ્રીકા સત્સંગ યાત્રા - ૨૦૧૯





**કેરીચો આફ્રિકા** વડતાલધામ સત્સંગ મંડળ દ્વારા આયોજીત સત્સંગસભા- પધરામણી. **તા.૭/૪/૨૦૧૯**








**કીસી આફ્રિકા** વડતાલધામ સત્સંગ મંડળ દ્વારા આયોજીત સત્સંગસભા - પધરામણી . **તા.૮/૪/૨૦૧૯**





**યુગાન્ડા આફ્રિકા** ટરોરો સીમેન્ટ એવં સીમ્બા સીમેન્ટમાં પધરામણી - સત્સંગ સભા. **તા.૯/૪/૨૦૧૯**











**કીસુમું મંદિર એવં એલ્ડોરેટ મંદિર**
આફ્રિકામાં પધરામણી એવં સત્સંગ સભા. **તા.૧૦/૪/૨૦૧૯**



**ઉમરેઠ** મુકામે પૂ.રઘુવીર સ્વામી દ્વારા આયોજીત દ્વિદશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,
વક્તાશ્રી પૂ.હરિગુણ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તજનો. તા.૨૪ થી ૩૦/૩/૨૦૧૯



**વડતાલધામ** ૩૪ મી રવિસભા તથા ઉનાળાની ગરમીમાં પક્ષીઓ માટે ૨૦૦૦ કુંડા એવં માળાઓનું વિતરણ તથા નોટબુક ચોપડા એવં નિર્ણય પંચાગનું વિમોચન કરતા
વક્તાશ્રી પૂ.બ્રહ્મસ્વરૂપ સ્વામી,પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળા, પૂ.ધર્મસ્વરૂપ સ્વામી,પૂ.શુકદેવ સ્વામી વગેરે પૂ.સંતો-ભક્તો. **તા.૭/૪/૨૦૧૯**







**વડોદરા ગોત્રી** મુકામે પૂ.હરિકૃષ્ણ સ્વામી દ્વારા આયોજીત નૂતન સ્વામિનારાયણ મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.સરજુદાસજી સ્વામી- ભરૂચ, પૂ.ઘનશ્યામ સ્વામી-ચીખલી, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. **તા.૧૩ થી ૧૯/૪/૨૦૧૯**





**રાજકોટ** મુકામે પૂ.રાધારમણ સ્વામી દ્વારા આયોજીત શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ નિમીત્તે ભવ્ય છપ્પનભોગ મહાઅન્નકૂટ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તજનો. **તા. ૧૪/૪/૨૦૧૯**





**આણંદ રોકડીયા** હનુમાનજી મંદિર મુકામે પૂ.સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત શ્રી હનુમાન જયંતી મહોત્સવ એવં કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી, પૂ.ન્યાલકરણ સ્વામી વગેરે સંતો તથા ભક્તો. **તા.૧૭ થી ૨૧/૪/૨૦૧૯**





**વડતાલધામ** મુકામે દર્શનાર્થે પધારેલા આફ્રીકા નિવાસી પ.ભ.શ્રી કે.કે. વરસાણીને વચનામૃત અર્પણ કરતાં આ.કો.શ્રી સંત સ્વામી. **તા.૨૪/૪/૨૦૧૯**

**વડતાલધામ** મુકામે વડતાલ બોર્ડ સંચાલીત સમગ્ર મંદિરોનાં કોઠારીશ્રી સંતોની મીટીંગ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી વગેરે પૂ.સંતો તથા કોઠારીશ્રીઓ. **તા.૨૬/૪/૨૦૧૯**







**દાંદા (ભરૂચ)** મુકામે પૂ.ભક્તિસ્વરૂપ સ્વામી(નાહીયેર) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.વાસુદેવ સ્વામી, વક્તાશ્રી પૂ.કેશવપ્રિય સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા. ૨૧ થી ૨૭/૪/૨૦૧૯








**વડતાલ મંદિર** સમગ્ર કર્મચારી સ્ટાફની ટ્રેનીંગ શિબિર પ્રસંગે ઉપસ્થિત આ.કો.શ્રી સંત સ્વામી,
પૂ.શુકદેવ સ્વામી, પૂ.નારાયણચરણ સ્વામી-વ્રજભૂમી વગેરે પૂ.સંતો. તા.૨૪-૨૫/૪/૨૦૧૯






**વડતાલ મંદિર** દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે વચનામૃતનાં સ્થળોની તીર્થયાત્રા
(પંચાળા,ગઢડા,સાળંગપુર,કારીયાણી,લોયા,અમદાવાદ,વડતાલ) કરતાં ૬૦ ઉપરાંત ભક્તજનોએ
૧૦૮ ઉપરાંત પાઠ કરતા કંડારી - વડોદરાનાં ભક્તો. તા.૩ થી ૫/૫/૨૦૧૯

Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vadtaldhamvikas@gmail.com**

## Subscription

(india)

| | | |
|---|---|---|
| 5 Year | ₹. | 250/- |
| 20 Year- | ₹. | 500/ |

For Other Countries

| | | |
|---|---|---|
| (airmail) | ₹. | 6750/- |

Year - 10
Volume - 5
May - 2019



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા

૧. વડતાલધામ: એક ઈતિહાસ (ભાગ - ૯)
શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર, વડતાલ
લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ , વિદ્યાનગર ૧૦

૨. સત્સંગ સમાચાર
સંકલન - સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ ૨૨

૩. વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ વિચરણ ૩૧

**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# વડતાલધામ : એક ઈતિહાસ (ભાગ - ૯)

લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર



## શ્રીજી મહારાજનો સંકલ્પ - મંદિર નિર્માણ

'સત્સંગિ જીવન' (૪-૨૪-૧૦-૧૪)માં જણાવ્યા પ્રમાણે શ્રીજી મહારાજે સર્વજનહિતાર્થાય સદ્ -ધર્મની સ્થાપના કર્યા બાદ, ભવિષ્યને ધ્યાનમાં રાખીને, ત્રણ મહત્વના સંકલ્પ કર્યાઃ '(૧) પૃથ્વી પર મોટાં મંદિરો કરાવી તેમાં ભગવત્ સ્વરૂપોની સ્થાપના કરવી, (૨) મુમુક્ષુ જનોની મંત્રદીક્ષા અને સંતોને ભાગવતી દીક્ષા આપવાની પરંપરા ચાલુ રાખવા અને સંપ્રદાયની વહિવટી વ્યવસ્થા અને આધ્યાત્મિક જવાબદારીઓ સંભાળવા પોતાના ધર્મવંશમાં આચાર્યપદની સ્થાપના કરવી, તથા (૩) સંપ્રદાયના આશ્રિતો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના સ્વરૂપને યથાર્થ રીતે સમજી શકે તે માટે સંપ્રદાયનાં શાસ્ત્રોની રચના કરવી.' પોતાના પ્રથમ સંકલ્પને અનુલક્ષીને શ્રીજી મહારાજે અમદાવાદ (ઈ.સ. ૧૮૨૨), ભૂજ (ઈ.સ.૧૮૨૩), વડતાલ (ઈ.સ.૧૮૨૫), ધોલેરા (ઈ.સ.૧૮૨૬) , જૂનાગઢ (ઈ.સ.૧૮૨૮) અને ગઢડા (ઈ.સ.૧૮૨૯) ખાતે મંદિર નિર્માણ કર્યાં અને કરાવ્યાં. એમના સમય દરમિયાનમાં જ ઘણાં સ્થળોએ શ્રીજી મહારાજની ચિત્ર-પ્રતિમા ધરાવતાં નાનાં 'હરિમંદિર' પણ બંધાવ્યાં. એ સમયે શરૂ થયેલ મંદિર નિર્માણ પરંપરા માત્ર આજ સુધી ચાલુ જ નથી રહી, વિકસીત થતી ચાલી છે.

વડતાલ મંદિર- લક્ષ્મીજીની તપશ્ચર્યા ભૂમિ

ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌરાષ્ટ્રમાં ધર્મનો પ્રચાર કરતા કરતા સૌથી પહેલા ચરોતરમાં બોચાસણ ગામે કાશીદાસ પટેલ નામના ભક્તને ત્યાં આવેલા. એમનો પ્રતાપ અને ઐશ્વર્ય સાંભળીને વડતાલના પટેલ બાપુભાઈ (કુબેરભાઈ) તેમના પુત્ર રણછોડદાસ સાથે બોચાસણ દર્શન કરવા ગયેલા, અને ભગવાન સ્વામિનારાયણથી પ્રભાવિત થઈ બાપુભાઈએ એમને વડતાલ પધારવા આમંત્રણ આપેલ.ભગવાન સ્વામિનારાયણ એમની વિનંતી સ્વીકારી થોડા દિવસ પછી સંતો સાથે વડતાલ પધાર્યા, વડતાલ ખાતે ભગવાન સ્વામિનારાયણે એક સુંદર ભવ્ય પુરાતન બોરડીના વૃક્ષ નીચે ઉતારો કર્યો. થોડા વખત બાદ બાપુભાઈના આગ્રહથી એમણે એમના ઘરે ઉતારો કર્યો. બાપુભાઈનું કુટુંબ, વાસણ સુથારનું કુટુંબ વગેરે તેમના અનુયાયીઓ થયા. ભગવાન સ્વામિનારાયણ વડતાલમાં ત્રણ દિવસ રોકાયેલ. ત્યાર બાદ ભગવાન સ્વામિનારાયણે તેમના ગુરૂભાઈ મુક્તાનંદ સ્વામી અને રામદાસ સ્વામીને આ વિસ્તારમાં સંપ્રદાયનો પ્રચાર કરવા મોકલ્યા અને તેમના પ્રયત્નોથી અનુયાયીઓની સંખ્યા ઠીક ઠીક વધવા માંડી. ડભાણ ખાતે ભગવાન સ્વામિનારાયણે યજ્ઞ કર્યો ત્યારે આ સૌ અનુયાયીઓ તેમાં ગયેલા. વડતાલના લુંટારા જોબન પગીએ સ્વામિનારાયણ ભગવાનની ઘોડી ચોરવા ડભાણ પ્રયત્ન કર્યો ત્યારે તેને ચમત્કાર જોવા મળ્યો અને તેથી તે પણ અનુયાયી બન્યો. ડભાણના યજ્ઞ બાદ ભગવાન સ્વામિનારાયણ પુનઃ વડતાલ પધાર્યા અને આસપાસનાં ગામડાંઓમાં વિચરણ પણ કર્યું. ભક્તોનો સેવાભાવ, પ્રેમ, આગ્રહ પવિત્ર જણાતાં ભગવાન સ્વામિનારાયણે વડતાલ ખાતે ઉત્સવો ઉજવવા માંડયા.. હોળીનો રંગોત્સવ, પુષ્પ ડોલોત્સવ, દિવાળી ઉત્સવ, અન્નકુટ, પ્રબોધીની એકાદશી અને રામનવમીના ઉત્સવો ભગવાને અહીં ઉજવ્યા. પાછળથી દર વર્ષે બે ઉત્સવ — પ્રબોધિની એકાદશી અને રામનવમી — વડતાલમાં કરવા એમ પ્રબંધ કર્યો. આ ઉત્સવો પ્રસંગે ભગવાન સ્વામિનારાયણ ધર્મોપદેશ કરતા. આ સમૈયા અને ઉપદેશની વિગત 'સત્સંગિ જીવન' અને 'ભક્ત ચિંતામણી' ગ્રંથોમાં વિગતે આપી છે. ત્યાર બાદ ભવિષ્યની મુમુક્ષુ જનતાના લાભાર્થે ભગવાન સ્વામિનારાયણે મંદિરો બાંધવાની શરૂઆત કરી, ત્યારે વડતાલમાં પણ ભવ્ય મોટું શિખરબંધ મંદિર બંધાય તે માટે હરિભક્તોએ ભગવાનને પ્રાર્થના કરી અને તે માટે જરૂરી જમીન અને દાન પણ આપ્યાં.

ભગવાન સ્વામિનારાયણે મંદિર માટે સ્થળ પસંદ કરી રાખેલ. સૌથી પ્રથમ વખત તેઓશ્રી જ્યારે વડતાલ પધારેલા ત્યારે પુરાતન બોરડીના છાંયામાં બિરાજેલા. આ બોરડી પુરાતન, પવિત્ર અને માહાત્મ્યવાળી હતી. એ વાત તેઓશ્રી

જાણતા. એ બોરડીના વૃક્ષ નીચે જ પૂર્વે ભૃગુ ઋષિની પુત્રી લક્ષ્મીએ બહુ તપશ્ચર્યા કરેલી. તેના તપથી પ્રસન્ન થયેલા નારાયણે વરદાન માગવાનું કહેતાં લક્ષ્મીજીએ પોતાની તપશ્ચર્યાસ્થાને પોતાના નારાયણ સાથેના વાસ માટે મંદિર થાય એવી પ્રાર્થના કરેલી. લક્ષ્મીજીની ઈચ્છા પૂર્ણ થાય તે માટે નારાયણે ત્યારે વરદાન આપેલ. આ વરદાનની વાતથી ભગવાન જ્ઞાત હતા. આથી એમણે વડતાલ મંદિર માટે એ જગ્યા પસંદ કરી અને એ પવિત્ર બોરડીના સ્થાને જ મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિની સ્થાપના થાય એવું આયોજન કર્યું. એમના માર્ગદર્શન હેઠળ અમદાવાદના હીરાજી મારવાડીએ મંદિરના નકશા તૈયાર કર્યા અને મંદિરના બાંધકામની દેખરેખ માટે તેઓશ્રીના આદેશથી બ્રહ્માનંદ સ્વામી, અક્ષરાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને અદભૂતાનંદ સ્વામી વડતાલ સ્થિર થયા. વિ. સં. ૧૮૭૮ના ચૈત્ર સુદમાં ભગવાને તેનું ખાતમુહુર્ત કર્યું,. વડતાલ, વસો , ડભાણ, આણંદ વગેરે ગામોના અનેક હરિભક્તોએ જુદી જુદી જવાબદારી નિભાવી. આ મંદિરના બાંધકામની ખાસ નોંધવા જેવી હકીકત એ છે કે તેના બાંધકામમાં સંતો અને હરિભક્તો જોડાયા. મજુરોના સ્થાને આ સૌએ સેવાભાવથી કાર્ય કર્યું. બાંધકામ દરમ્યાન વારંવાર વડતાલ પધારતા ભગવાન સ્વામિનારાયણે પણ એક વખત ઈંટો ઉપાડી . એમણે ઉપાડેલ ૩૫ ઈંટો લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિની નીચેની પડઘીમાં અને ૨ ઈંટો પછવાડેના ગોખલામાં ચણાઈ છે. સંતો અને હરિભક્તોના શ્રમયજ્ઞથી ત્રણ વર્ષમાં મંદિરનું બાંધકામ પૂર્ણ થયું.

### વડતાલ મંદિર નિર્માણ - મૂડી રોકાણ માત્ર ૧૨રૂા.

ગઢડા ખાતે શ્રીજી મહારાજ બિરાજમાન હતા. એમણે વડતાલ ખાતે મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો. બ્રહ્માનંદ સ્વામીને આજ્ઞા કરી, ' સ્વામી! વડતાલ જાવ અને મંદિર નિર્માણ કરો.

બ્રહ્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞા માથે ચઢાવી. વિનંતી પણ કરી, 'મહારાજ! અમારે ખરચી પણ જોઈશે.''

શ્રીજી મહારાજે હરજી ઠક્કરને કહ્યું, 'સ્વામીને ખરચી માટે બાર રૂા. આપજો.'

બીજા દિવસે સવારે શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં લીંબતરું નીચે સભા કરી બિરાજમાન હતા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી પોતાના સંતમંડળ સાથે શ્રીજીના દર્શને પધાર્યા. એમણે અને સંતોએ શ્રીજીનાં દંડવત - પ્રણામ કરી દર્શન કર્યા અને જવાની આજ્ઞા માગી.



શ્રીજી મહારાજે આજ્ઞા આપતાં કહ્યું, 'વડતાલના તળાવ ઉપર હનુમાનજીનું મંદિર છે તેવું નાનું મંદિર કરવું.' 'ઠીક મહારાજ', સ્વામીએ આજ્ઞા સ્વીકારતાં કહ્યું.

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલ આવી વડેઉ માતાજીની ધર્મશાળામાં ઉતારો કર્યો. એમણે વડતાલના અગ્રણી સત્સંગીઓ સર્વશ્રી નારાયણગીરી બાવાજી, જોબન પગી, પટેલ કુબેરબાઈ, રણછોડભાઈ અને વાસણ સુતાર વગેરેને બોલાવ્યા અને જણાવ્યું, 'અમને તો અહીં શ્રીજી મહારાજે મંદિર કરવા મોકલ્યા છે.' એ સાંભળી વડતાલના સત્સંગીઓ ખૂબ રાજી થયા. બધાયે તમામ સહયોગની ખાત્રી આપી.

બ્રહ્માનંદ સ્વામીએ વડતાલના અગ્રણીઓને જણાવ્યું કે, મંદિર જ્યાં બાંધવું છે તે જગ્યાઓ જેની છે તેની પાસે પહેલાં લેખ કરાવી લો. અગ્રણીઓ તેમ કર્યું ને લેખના દસ્તાવેજ સ્વામીને અર્પણ કર્યા.

બ્રહ્માનંદ સ્વામીએ, ઈંટો પાડવાનું સૌને જણાવ્યું. જોબન પગીએ સ્વામીને કહ્યું, 'હે સ્વામી! જોળ, બામરોલી, સંજાયા અને વડતાલના કુંભારોને હું ઈંટો પાડવા વગર પૈસે બોલાવી લાવીશ. તમારે તે સહુને રોટલા આપવા'. સ્વામીએ પણ ખાત્રી આપી. 'અમે ઝોળી ફેરવીને પણ તેઓને જમાડીશું.' હાલ જ્ઞાનબાગ છે તેમાં ઉગમણી બેઠક બાજુએ એક એક લાખ ઈંટોના નવ ભઠ્ઠાઓ બનાવવામાં આવ્યા.

એક વખત મંદિર નિર્માણનું કાર્ય જોવા શ્રીજી મહારાજ વડતાલ પધારેલા. બ્રહ્માનંદ સ્વામી શ્રીજી મહારાજને પોતાની પર્ણકુટીમાં લઈ ગયા. એમણે શ્રીજી મહારાજને અનાજ ભરેલી કોઠીઓ, ગોળાઓ વગેરેમાં અનાજ ,લોટ વગેરે ભરેલું હતું તે બધું બતાવ્યું. સાથે, પરચુરણ ભરેલા ભંભાઓ હતા તે પણ બતાવ્યા. એ બધા પર શ્રીજી મહારાજનો આશિષ રૂપી હાથ ફેરવાવ્યો.

'મહારાજ! આપના પ્રતાપે આ સહુ સાધુઓ આસપાસનાં ગામોમાં ઝોળી ફેરવી કામ કરતા કડીયા અને મજૂરો માટે રોટલા, દાળ ભાત જમાડવાની બહુ સેવા કરે છે. હું તથા જોબનપગી ઘોડે ચડી આસપાસનાં ગામડાઓમાં જઈને મોટા પૈસાપાત્ર પાટીદારો પાસેથી મંદિરની 'ધન' સેવા કરાવી કારીગરોના પગાર ચૂકવીએ છીએ. આવી રીતે મારા મંડળના સંતો અને હું આપને રાજી કરવા સેવા કરીએ છીએ; સ્વામીએ મંદિર નિર્માણની કારીગરીનો અહેવાલ આપતાં કહ્યું.

શ્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા અને વર આપતા કહ્યું, 'સ્વામી! આ મંદિરનું કામ ચાલશે ત્યાં સુધી આ પર્ણકુટીમાંથી ધન અને ધાન્ય નહીં ખૂટે તેમજ કોઈ જાતનું સંકટ આવશે નહીં.'

તે વખતે શ્રીજીએ અપાવેલા ખરચીના બાર રૂપીયા તો જેમના તેમજ ચીંથરીમાં બંધાયેલા હતા.

ચીબરીએ કરી, સોનાના મંદિરની આગાહી

આજકાલ, શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર, વડતાલમાં શિખર સોનાનાં થઈ રહ્યાં છે.

આજકાલ, વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજને ભક્તો હીરા જડીત ભવ્ય મુગટ ધારણ કરાવી રહ્યા છે.

વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિરના ગર્ભગૃહમાં, સોના - ચાંદી - હીરા ને વિધવિધ ઝવેરાતથી દેવો શોભી રહ્યા છે.

હીરા માણેક જડેલા સવા કરોડની કિંમતના મુગટ પ્રતિવર્ષ અર્પણ થાય છે. મંદિરનાં શિખર સોનાથી મઢવા સંતો - ભક્તો રાજી રાજી થઈ ભેટ ધરે છે. મંદિર ને વડતાલ ધામમાં પ્રસાદીનાં સ્થાનો નવારૂપ રંગ ધારણ કરી રહેલ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની કીર્તી પાંચેય ખંડમાં પ્રસરી રહી છે.

કેમ?

જવાબ સહેલો છે.

આ ભૂમિ પુણ્યશાળી છે. અહી, શ્રીહરિ પોતે સાક્ષાત બિરાજમાન છે. ઉપરાંત આમ થશે તેની એક કથા પણ છે.

એક સમયે શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા. મંદિરમાં ઊતર્યા.

મંદિરની બાજુમાં સરગવાનું એક ઝાડ હતું. એ વિસામો હતો. રાત્રે તેની નીચે પાર્ષદો સૂઈ જતા.

એક રાત્રે તે સરગવાના ઝાડ પર ચીબરી બોલી. એના અવાજથી શ્રીજી મહારાજ જાગ્યા.

સાથે રહેતા જોબન પગીને શ્રીજી મહારાજે પૂછ્યું, 'આ પક્ષી શું બોલે છે ?'

જોબન પગી કહે, 'પક્ષી તો ચીબરી છે ને તે શું બોલે છે તે વાત તો તખા પગીને પૂછવી પડે.'

મહારાજની આજ્ઞાથી તખા પગીને બોલાવવામાં આવ્યા. ચીબરીને સાંભળી તખા પગી કહે, 'હે નાથ! જો સવાર પહેલાં આ સરગવાનું ઝાડ કાઢી નાખીએ તો અહીં કોઈક વાર સોનાનાં મંદિર થાય. એવો આ પક્ષીનો બોલવાનો ભાવ છે.'

તખા પગીની વાત સાંભળી, શ્રીજી મહારાજે સરગવાના ઝાડ નીચે સૂતા પાર્ષદોને જગાડ્યા ને સૌને તે સરગવાનું ઝાડ મૂળમાંથી ઉખાડી નાખવા જણાવ્યું.

શ્રીજી મહારાજની આજ્ઞાનો અમલ થયો.સરગવાનું ઝાડ ગયું ને શ્રી લક્ષ્મીનારાયણ દેવનું ભવ્ય મંદિર બન્યું.

આજે આ મંદિર સોનાનું થઈ રહ્યું છે.

ચીબરીવાળી ઘટના બની ત્યારે 'શ્રી હરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર' અને 'શ્રી હરિકૃષ્ણ લીલામૃત સાગર' ના ગ્રંથકર્તા સદ્‌ગુરુ માધવદાસજી સ્વામી ઉપસ્થિત હતા.

'શ્રી હરિકૃષ્ણ ચરિત્રામૃત સાગર' (અ. ૧૧૭, ૪)માં માધવદાસ સ્વામીએ આ વાત આમ વર્ણવી છે:

વળી, એક સમાની વાત, સાંભળ્યા જેવી છે સાક્ષાત;
હૈયે ધારીએ તો એમાં એહ, થાય સ્વામીમાં ઘણો સનેહ, ૨૬
સ્વામી આવ્યા વરતાલ માંઈ, ઉતર્યા વ્હાલો મંદિર જ્યાંઈ; ૨૭
તીયાં વૃક્ષ સરગવાનું એક, હેઠે સૂતેલા પાળા અનેક.
પછે અર્ધે રાત ગઈ જ્યારે, બોલી વૃક્ષ પર ચીબરી ત્યારે;
તેને સાંભળીને હરિ કહે છે, એહ પક્ષી તે શું બોલે છે. ૨૮
ત્યારે જોબન કહે જીવનપ્રાણ, તેના તખો પગી છે જાણ;
ત્યારે હરિ કહે બોલાવો એને, જોબન કહે ખેતરમાં ગયા છે. ૨૯
પછે હરિ કહે ત્યાં કોઈ જાવો, તેને આ ઘડી બોલાવી લાવો;
પછી તરત માણસ ગયાં, આવ્યા તખાને બોલાવી ઈયાં. ૩૦
પછે નાથ કહે ચીબરી બોલી, તેન શુકન કહો પગી કોલી;
તખો પગી કહે કરતારે, સરગઝાડ જો ન રહે સવારે. ૩૧
તો અહીં સોનાનાં મંદિર થાય. પક્ષી બોલ્યા તેના અભિપ્રાય;
પછી સ્વામીયે પાળા જગાવ્યા, સરગવાના મૂળ કઢાવ્યા. ૩૨

## શ્રીલક્ષ્મીનારાયણદેવ મંદિર સ્થાપત્ય

વડતાલ મંદિરમાં મુખ્ય ત્રણ ખંડ છે ને તે ઉપર ત્રણ મોટાં શિખર છે. બાજુમાં મોટો ઘુંમ્મટ છે. એમ નવ શિખરોથી સુશોભિત ભવ્ય મંદિર શિલ્પ અને સ્થાપત્યના ઉત્તમ નમુના રૂપ બનેલ છે. બધાં શિખરો પર સોનાના કળશ સ્થપાયા છે. મધ્ય શિખરના ખંડમાં મુખ્યદેવ તરીકે લક્ષ્મીનારાયણ દેવ, દક્ષિણ શિખરના ખંડમાં રાધાકૃષ્ણદેવ અને હરિકૃષ્ણ મહારાજ, ઉત્તર શિખરના ખંડમાં માતા-પિતા ધર્મદેવ અને ભક્તિમાતા અને પોતે વાસુદેવ, પડખેના નાના છ ખંડમાં વારાહ, નૃસિંહ, શેષશાયી, કુર્મ, મત્સ્ય અને સુર્યનારાયણ, મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ હનુમાનજી અને ગણપતિ બિરાજમાન છે. વિ. સં. ૧૮૮૧ના કાર્તિક સુદી દ્વાદશીને દિવસે પ્રાતઃકાલે યજ્ઞવેદવિધિ અનુસાર દેશવિદેશના સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. વડોદરાથી ગાયકવાડ સરકાર સયાજીરાવ બીજાએ આ પ્રસંગે અંબાડી સહિત હાથીની શોભા મોકલેલી. વડતાલ ગાદીના પ્રથમ આચાર્ય રઘુવીરજી મહારાજે પાછળથી રણછોડજીની મૂર્તિ મધ્ય મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની બાજુમાં વિ. સં.૧૮૮૬ના ચૈત્ર માસમાં પ્રતિષ્ઠિત કરેલી. ત્યારથી તે આજ સુધી આ ધામની આધ્યાત્મિક અને ભૌતિક સંપત્તિમાં ઉત્તરોત્તર અભૂતપૂર્વ વધારો થતો રહ્યો છે.

વડતાલના મુખ્ય મંદિરની આસપાસ પ્રદક્ષિણા પથ બનાવેલ છે. સ્ત્રી-પુરૂષના પ્રવેશદ્વાર જુદાં છે. મંદિરની પ્રદક્ષિણામાં પાછળના ભાગમાં છત્રી છે, જ્યાં બેસી ભગવાને શિક્ષાપત્રી લખવાનો, તપ્તમુદ્રા આપવાનો અને ગોમતી સરોવર ગળાવવાનો સંકલ્પ કર્યો હતો. મંદિરના મોટા દરવાજામાં પેસતાં ડાબી બાજુએ નારાયણ મહોલ છે. તે સ્થાન ભગવાને

પોતે 'ધ્યાન' ધરવા સારૂ અને રહેવા સારૂ બંધાવ્યું હતું. પોતે વડતાલ આવતા ત્યારે ત્યાં ઉતરતા. પાછળથી પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈને રહેવા માટે તે સ્થાન આપેલ. આથી તે પાછળથી 'રામપ્રતાપભાઈના બંગલા' તરીકે પણ ઓળખાવા લાગેલ. તે સ્થાને ભગવાને 'શિક્ષાપત્રી' ગ્રંથ લખેલ. હાલ ત્યાં ભગવાનની શિક્ષાપત્રી લખતી મૂર્તિ વગેરે દર્શનાર્થે મૂકેલ છે. વડતાલ ગાદીના બીજા આચાર્ય ભગવતપ્રસાદજી મહારાજે મંદિરની પાછળ ભવ્ય સભામંડપ વિ. સં.૧૯૨૫માં સદ્‌ગુરુ પવિત્રાનંદ સ્વામી દ્વારા બનાવેલ. મંદિરની ત્રણ બાજુએ હાલ સંતોનાં વિશાળ નિવાસ સ્થાન બનેલ છે.

**પદ્માકાર શિખરઃ** શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ ત્રણ મોટાં અને છ નાનાં મળીને કુલ નવ શિખરોથી શોભી રહ્યું છે. મધ્ય ભાગે આવેલા મોટા શિખરની ઊંચાઈ ૩૯'-૬'' મીટર છે, જ્યારે ઉત્તર અને દક્ષિણ શિખરની ઊંચાઈ એકસરખી એટલે ૨૧'-૦'' મીટર છે. નાના ચાર શિખરો, દરેકની ઊંચાઈ ૮'-૦'' મીટર છે.

વડતાલ મંદિરનાં બધાં શિખર ઉપર કળાત્મક સુવર્ણ શિખર શોભે છે. મધ્ય મંદિરના શિખર ઉપર સુવર્ણકળશની ઊંચાઈ ૯'-૯'' મીટર છે. અને બાજુનાં બે શિખરોના સુવર્ણ કળશની ઊંચાઈ ૫'-૫'' મીટર છે. જ્યારે ચાર નાનાં શિખરોના દરેક સુવર્ણ કળશની ઊંચાઈ ૪'- ૬'' મીટર છે.

ત્રણ મોટાં શિખરો સામે, મંદિર ઉપર મોટો ઘુમ્મટ શોભે છે, એનો વ્યાસ ૨૫'-૦'' મીટર છે અને એની ઊંચાઈ ૧૨'-૬'' મીટર છે. ત્રણ દરવાજા આગળ, ઉપર ત્રણ નાના ઘુમ્મટ છે. જેનો દરેકનો વ્યાસ ૯'-૦'' મીટર છે. અને ઊંચાઈ ૫'-૭'' મીટર જેટલી છે.દરેક ઘુમ્મટ ઉપર સુવર્ણ કળશ છે જેની ઊંચાઈ મોટા ઘુમ્મટના સુવર્ણ કળશની ૫'-૦'' અને નાના ઘુમ્મટના સુવર્ણ કળશની ઊંચાઈ ૪'-૬'' મીટર છે.

ત્રણ મોટાં શિખરો નીચે દેવઘર શોભે છે. મધ્ય શિખર નીચે આવેલા દેવઘરની લંબાઈ ૧૧'-૦'', પહોળાઈ ૧૦'-૦'' અને ઊંચાઈ ૧૨'-૦'' મીટર છે. એમાં સુવર્ણના સિંહાસન ઉપર શ્રી રણછોડજી, શ્રી નારાયણ અને શ્રી લક્ષ્મીજીની પ્રસાદિક મૂર્તિઓ આશ્રિતોને દર્શન દે છે. ઉત્તર અને દક્ષિણ શિખરો નીચે આવેલાં દેવઘરો, દરેકની લંબાઈ ૮'-૦''મીટર, પહોળાઈ ૭'-૦'' અને ઊંચાઈ ૧૨'-૦'' મીટર છે. ઉત્તર શિખર નીચે આવેલા દેવઘરમાં શ્રી વાસુદેવ, શ્રી ધર્મદેવ અને શ્રી ભક્તિદેવી આશ્રિતોને દર્શન દે છે. દક્ષિણ શિખર નીચે આવેલા દેવઘરમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી કૃષ્ણ અને શ્રી રાધિકાજી આશ્રિતોને દર્શન દે છે.

છ નાનાં શિખરો નીચે આવેલાં દેવઘરોમાં મત્સ્યનારાયણ, કૂર્મનારાયણ, નૃસિંહનારાયણ, વરાહનારાયણ, શેષનારાયણ અને સૂર્યનારાયણની મૂર્તિઓ બિરાજમાન છે.

ત્રણ મોટાં શિખરો નીચે આવેલાં દેવઘરોના દરવાજા સુવર્ણના છે. ત્રણ દેવઘરની બહાર ૪'-૦'' પહોળી, ૧૨'-૦'' ઊંચી અને ૪૦'-૩'' મીટર લાંબી જાળી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલ મંદિરની શિખર રચના 'પદ્માકાર શિખર' રચના તરીકે ઓળખાય છે. પ્રવિણચંદ્ર ચી. પરીખ અને કિરીટ જે દવેએ તેમના સંશોધન ગ્રંથમાં આ વિગત સમજાવતાં લખ્યું છે કે, ........ 'વડતાલ મંદિરમાં મધ્ય મંડપ અને પ્રવેશ ચોકીઓ પર ચાર અર્ધ ગોળાકાર ઘૂમ્મટની રચના જોવા મળે છે, આ ઉપરાંત દરેક શૃંગાર ચોકીના ઘૂંમ્મટની બંન્ને તરફ શિખર આકારનાં છ લઘુ ઘૂમ્મટની પણ રચના જોવા મળે છે. ગૂઢમંડપની અંદર પ્રવેશ દ્વારની બંન્ને તરફ દીવાલમાં ગવાક્ષની રચના કરી વિષ્ણુના ચાર અવતારો- કચ્છાવતાર, મચ્છાવતાર, વરાહ અવતાર, નરસિંહ અવતાર તથા શેષ નારાયણ અને સુર્યનારાયણ વગેરે દેવોની જે પ્રતિષ્ઠા કરવામાં આવી છે તેનાં પર નાનાં કદનાં શિખરાકાર ઘૂમ્મટો ગોઠવેલાં છે. આમ ગર્ભગૃહ પરનાં કલાત્મક કળશ અને ધ્વજા યુક્ત ત્રણ શિખરો, ચાર અર્ધ ગોળાકાર ઘૂમ્મટ અને છ શિખરાકાર ઘૂમ્મટ વગેરેને કારણે આ મંદિરનું સન્મુખ દર્શન પણ મનોહર લાગે છે....' (સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્ય, પૃ. ૬૭)

**ઘૂમ્મટઃ-** સ્વામિનારાયણ મંદિરોમાં, વડતાલ સહીત, મંડપ અને પ્રવેશ ચોકીના છાદ્ય તરીકે મુખ્યત્વે અર્ધ ગોળાકાર ઘૂમ્મટની રચના જોવા મળે છે. આ ગોળાકાર ઘૂમ્મટમાં પથ્થરની કોતરણીને બદલે ચિત્રકામ કરવામાં આવતું.

**સ્તંભઃ-** વડતાલ મંદિરમાં ચોરસ સ્તંભોની રચના જોવા મળે છે, જેમાં ચોતરફ એક એક નિગર્મની રચના દ્વારા સ્તંભના તલમાનને તારાકૃતિ બનાવાયું છે. તેની અલંકૃત શિલ્પવટીઓ પર વાદ્યધારિઓનાં શિલ્પો ગોઠવેલાં છે.જે પ્રમાણબધ્ધતા અને સૌંદર્યની દ્રષ્ટિએ કંઈક ઉતરતી કક્ષાનાં છે; છતાં તે લોકકલાના સારા નમુના છે. (પરીખ-દવે,પૃ.૬૩)

**મંદિર તલદર્શનઃ-** મંદિર તલદર્શનની દ્રષ્ટિએ વડતાલનું મંદિર ત્રણ ગર્ભગૃહ, પ્રદક્ષિણા પથ, અંતરાલ, મહામંડપ, મુખમંડપ અને પ્રવેશ ચોકી કે શૃંગાર ચોકી વગેરે અંગો ધરાવતું સર્વાંગ સંપૂર્ણ મંદિર છે.

**ગર્ભગૃહઃ**-વડતાલ મંદિર પણ, સ્વામિનારાયણ સમ્પ્રદાયનાં અન્ય મંદિરોની જેમ 'પંચાયતન' પ્રકારનું હોઈ, ત્રણ અને બે એમ પાંચ ગર્ભગૃહનું બનેલું છે. અન્ય મંદિરની જેમ અહીં પણ ત્રણ ગર્ભગૃહ એક હરોળમાં આવેલાં છે, અને દરેક ગર્ભગૃહનું પ્રવેશદ્વાર અલગ હોવા છતાં એક જ હરોળમાં હોઈ તેનું સમગ્ર તલમાન લંબચોરસ છે અને તેની પહોળાઈ અને લંબાઈનું પ્રમાણ સામાન્ય રીતે ૧ઃ૩ જેટલું જોવા મળે છે. ગર્ભગૃહની દિવાલો અંદરથી સાદી છે પરન્તુ બહારની દિવાલોમાં અનેક **નિર્ગમો કે ફાલના (projection)**ની રચના જોવા મળે છે.

અંતરાલઃ- ગર્ભગૃહ અને મંડપને જોડતો ભાગ 'અંતરાલ' કહેવાય છે, જે વડતાલ મંદિરમાં પણ છે. તેની લંબાઈ અને

પહોળાઈ ગર્ભગૃહ જેટલી રાખવામાં આવેલ છે. પરંપરાગત મંદિરો કરતાં વધુ લંબાઈ-પહોળાઈવાળા અંતરાલ સ્વામિનારાયણ મંદિરમાં જ પ્રથમવાર જોવા મળે છે. વધુમાં વધુ દર્શનાર્થીઓ તેમાં ઉભા રહી દર્શન કરી શકે તે હેતુસર આવા અંતરાલ બનાવાયા છે.

મંડપઃ- વડતાલ મંદિરનો મંડપ દિવાલોથી બંધ કરાયેલ હોઈ તે 'ગૂઢ મંડપ' પ્રકારનો છે. ગૂઢમંડપની દિવાલો અંદર-બહારથી સાદી હોય છે. તેમાં નિર્ગમોની રચના હોતી નથી. ગૂઢ-મંડપ ધરાવતા મંદિરમાં પ્રદક્ષિણા માર્ગ ખુલ્લો અને સ્તંભાવલિ તથા છાદ્ય વગરનો જોવા મળે છે.

## તોરણ

વડતાલ મંદિરની ત્રણેય પ્રવેશ ચોકીનાં આગળના બે સ્તંભો પર હિંડોલક અને ગવાલુકા તોરણો સંયુકત રીતે ઉપર-નીચે ગોઠવેલાં છે. પ્રવેશ ચોકીઓની બાકીની બે તરફ સાદી મુઘલ કમાનો ગોઠવવામાં આવી છે. મંદિરના મંડપની સ્તંભાવલિઓ પર પણ સાદી મુઘલ કમાનોની રચના કરવામાં આવેલી છે. પ્રવેશ ચોકી સિવાયનો વડતાલ મંદિરનો સમગ્ર મંડપ દીવાલોથી આચ્છાદિત ગૂઢમંડપ હોવાથી બહારના ભાગમાં કમાનયુક્ત સ્તંભાવલિઓ નજરે પડતી નથી. ગૂઢમંડપની દીવાલોમાં લોખંડની જાળીઓથીયુક્ત હવા-બારીઓ ગોઠવેલી છે. (પરીખ-દવે, પૃષ્ઠ-૬૫ )

## ચરણારવિંદ અને છત્રી

કોઈ પણ સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાં કલાત્મક છત્રીની રચના જોઈ શકાય છે. તેમાં મંગલ ચિન્હોથી યુક્ત શ્રીજી મહારાજનાં ચરણારવિંદની સ્થાપના કરવામાં આવે છે. આમ ચરણારવિંદની છત્રી એ સ્વામિનારાયણ મંદિર સ્થાપત્યનું અગત્યનું અંગ છે. વડતાલ મંદિરના પ્રદક્ષિણા પથમાં પાછળના ભાગમાં આવી છત્રી ગોઠવેલી છે. મંદિરમાં દર્શને આવતા સંતો-ભક્તો છત્રીમાં સ્થાપવામાં આવેલા ચરણારવિંદનો સ્પર્શ કરી, તેને વંદન કરી ધન્યતા અનુભવે છે.

## પ્રાકાર ( કોટ ) અને બલાનક

સ્વામિનારાયણ મદિરોમાં મુખ્ય પ્રસાદ ઉપરાંત બીજાં અનેક પ્રકારનાં આવાસો આવેલાં હોવાથી તેને વધુ સુરક્ષિત બનાવવા દરેક મંદિરની ફરતો સાદો કોટ (પ્રાકાર) રચેલો જોવા મળે છે. વડતાલ ધામમાં આવા બે કોટ જોવા મળે છે. એક, અંદરનો કોટ જેમાં મુખ્ય મંદિર અને સંતોના આવાસોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અને બે,બહારનો કોટ જેમાં હરિભક્તોને ઉતારા માટે ધર્મશાળાઓ તથા મંદિરના કર્મચારીઓને રહેવાનાં મકાનો, ગૌશાળા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. મંદિરના કોટની દિવાલોને વિવિધ પ્રકારનાં પૌરાણિક-સામાજિક ચિત્રોથી સુશોભીત કરાઈ છે. વડતાલ મંદિરના કોટ પર આવાં ચિત્રોનો વારસો આજે પણ જોવા મળે છે.મંદિરના પ્રાંગણમાં પ્રવેશવા માટે ફરતા કોટમાં એક કે બે દરવાજાની પણ રચના કરેલી છે. તેનો મુખ્ય દરવાજો જોડીબંધ હોય છે. આથી તેને 'બલાનક' કહેવામાં આવે છે. દરવાજાની આ જોડી પર ચોઘડીયાં અને શહનાઈ વગાડનારા બેસતા હોવાથી તેને 'નગારખાનું' પણ કહે છે. ત્યાંથી રેલાતા શહનાઈ અને વિવિધ વાજીંત્રોના સુરો મંદિરના વાતાવરણને પવિત્ર, મધુર અને આહ્લાદક બનાવે છે. બલાનકમાં નીચેના ભાગમાં ચોકીઆતની ઓરડીઓ પણ હોય છે. બલાનક એ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર હોવાથી તેને વિવિધ રીતે સુશોભીત કરવામાં આવે છે. વડતાલ મંદિરનું પ્રવેશદ્વાર વિવિધ ચિત્રોથી સુશોભીત કરાયું છે.

**હવેલીઃ-** સ્વામિનારાયણ સમ્પ્રદાયે તેના પ્રાકારયુક્ત મંદિરના વિશાળ પ્રાંગણમાં મંદિરની રચના સાથે સાધુ-સંતો અને આચાર્ય માટે કલાપૂર્ણ આવાસોની રચના કરીને મંદિર-સ્થાપત્ય સાથે વાસ્તુકલાનો અદભુત સમન્વય સ્થાપ્યો છે. સંપ્રદાયનાં મંદિરોનાં પ્રાંગણમાં આવેલા આ બહુમાળી અને કલાપૂર્ણ આવાસોમાં નીચેના ભાગમાં ભોંયતળીએ સ્તંભાવલીયુક્ત વિશાળ સભામંડપ, અનાજના કોઠાર, રસોઈઘર, ભોજનકક્ષ, ગૌશાળા, કુવો અને સ્નાનાગાર, મહંત કે કોઠારીની કચેરી વગેરેની વ્યવસ્થા કરેલી જોવા મળે છે. જ્યારે તેના પહેલા, બીજા અને ત્રીજા માળે સંતોના નિવાસ માટે સળંગ લાંબી પરસાળ, સમૂહ-પ્રાર્થના કે કથાવાર્તા માટે ઉપાસનાખંડ, વધારાનાં ગાદલાં-રજાઈ વગેરે ચીજવસ્તુઓ સાચવવા માટે નાના-મોટા ઓરડાઓનું આયોજન કરવામાં આવતું. આચાર્ય નિવાસમાં દિવાનખંડ કે બેઠકખંડ, શયનખંડ, મહેમાનખંડ, પૂજનખંડ વગેરે સગવડોનો સમાવેશ કરાતો. આચાર્યશ્રીના નિવાસસ્થાનને યોગ્ય રીતે શણગારાતું. બહારગામથી આવતા યાત્રાળુ-હરિભક્તોના ઉતારા માટે ધર્મશાળાનાં મકાનો પણ સુવિધાયુક્ત બનાવાતાં. વડતાલ મંદિરમાં આ સુવિધા ઉલ્લેખનીય છે. વડતાલમાં બાઈઓની હવેલી પણ છે, જેમાં ડહેલી ,ચોક, પડાળી, ઓરડા, કોઠાર વગેરેનું આયોજન જોવા મળે છે. (આધારઃ સ્વામિનારાયણ શિલ્પ-સ્થાપત્ય)

## 'પંચાયતન' પ્રકારનાં મંદિરો

સ્થાપત્યની દ્રષ્ટિએ સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો 'પંચાયતન' પ્રકારનાં મંદિરો છે. '...પંચાયતન પ્રકારના પ્રાચીન મંદિરમાં પીઠ પર કેન્દ્રમાં મુખ્ય મંદિર અને પીઠના ચાર ખુણા પર ચાર લઘુ મંદિરો કે કલિકાઓનો સમાવેશ થાય છે. સ્વામિનારાયણ સમ્પ્રદાયનાં મંદિરો ત્રણ અને બે એમ પાંચ ગર્ભગૃહોનાં બનેલાં 'પંચાયતન' પ્રકારનાં મંદિરો છે. છતાં ગર્ભગૃહોની ગોઠવણીની દ્રષ્ટિએ આ મંદિરો પ્રાચીન મંદિરોથી જુદાં પડે છે. આ મંદિરોમાં એક હરોળમાં ત્રણ મુખ્ય ગર્ભગૃહો આવેલાં છે. વળી, સેવા-ઉપાસનાની દ્રષ્ટિએ પણ સંપ્રદાયે 'પંચાયતન' દેવો તરીકે સૂર્ય, શિવ, પાર્વતી, હનુમાન, ગણેશ વગેરે દેવોને સ્થાન આપ્યું છે. અને તેમની મૂર્તિઓની પ્રતિષ્ઠા

પણ કરવામાં આવી છે. જો કે સંપ્રદાય ભાગવત્ ધર્મનું એક સ્વરૂપ હોવાથી 'રાધાકૃષ્ણ' અને 'નરનારાયણ' આદિ તેના મુખ્ય દેવ છે. પરંતુ સંપ્રદાયમાં પંચાયતન દેવોની પૂજાને સ્થાન આપીને શ્રી સહજાનંદ સ્વામીએ સમાજના જુદી જુદી માન્યતાવાળા અને વિવિધ દેવોની ઉપાસના કરતા અસંખ્ય લોકોને પણ સંપ્રદાય તરફ આકર્ષ્યા. તે સમયે આવી ઉદાર ભાવનાનો અને ધાર્મિક સહિષ્ણુતાનો અન્ય ધર્મ-સમ્પ્રદાયોમાં સદંતર અભાવ હતો...' (પરીખ-દવે, પૃ.૫૫)

## શ્રીજી મહારાજ પ્રેરિત શ્રમયજ્ઞનું સ્મારક-વડતાલ મંદિર

વડતાલ મંદિરના નિર્માણ સમયની વાત છે. થઈ રહેલા કામકાજને શ્રીજી મહારાજ નીરખી રહ્યા હતા. એક કડિયાને ચૂનાની જરૂર પડી. એણે ચૂનો માંગ્યો પરંતુ તે સમયે ત્યાં અન્ય કોઈ મજૂર હાજર ન હતો. શ્રીજી મહારાજે આ જોયું. એમણે તુરન્ત ચૂનો ભરેલ ઘડો જાતે ઉપાડ્યો અને એ કારીગરને આપ્યો. શ્રીજી મહારાજને ચૂનાનો ઘડો લઈ જતા જોઈ ત્યાં ઉપસ્થિત નિત્યાનંદ સ્વામી તેમની પાસે દોડતા આવ્યા, અને આવાં કામ ન કરવા શ્રીજી મહારાજને પ્રાર્થના કરી. શ્રીજી મહારાજે કહ્યું, આવાં કામ એ ભગવાનની ભક્તિ જ છે અને પોતાના દેહ દ્વારા આવી ભક્તિ કરવાનું એમને ગમે છે. એ વાત તો આપણે સૌ જાણીએ છીએ કે, શ્રીજી મહારાજે ૩૭ ઈંટો માથે મૂકી મંદિર લાવ્યા હતા. ઈંટવાડો જ્યાં બન્યો હતો તે સ્થળે શ્રીજી મહારાજશ્રી અઢારથી વધુ વખત ગયા હતા. તેવી રીતે મંદિર નિર્માણ કાર્યમાં કુશળતાપૂર્વક કામ કરનાર કારીગરને શ્રીજી મહારાજે સદાય બિરદાવેલ. ઘણી વખત તો એવું બનતું કે, કારીગરે કામ પત્યા બાદ હાથ - પગ ના ધોયા હોય કે વસ્ત્ર ન બદલ્યાં હોય તે પહેલાં તો શ્રીજી મહારાજ તેને ભેટી પડે અને ખૂબ બિરદાવે.

વડતાલ મંદિર નિર્માણ સમયે ભૂમિપૂજનથી માંડી મૂર્તિપ્રતિષ્ઠા સુધીની પ્રત્યેક બાબતનું ધ્યાન શ્રીજી મહારાજે રાખ્યું હતું. એમની પ્રેરણા, માર્ગદર્શન અને પ્રોત્સાહનને કારણે સ્વામિનારાયણ સંપ્રદાયના સામાન્ય અનુયાયીથી માંડીને સદ્‌ગુરુ સુધીના સંતોએ પોતાના શ્રમ દ્વારા મંદિર નિર્માણ કરેલ. સમાજના પ્રત્યેક વર્ગના અને પ્રત્યેક કોમના માણસો મંદિર કાર્યમાં કામ કરતા. એ સૌ પોતાની તમામ શક્તિ અને આવડત કામે લગાડતા. ઘણી વખત તો મંદિર નિર્માણમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપવા આ સૌ વચ્ચે ભારે સ્પર્ધા થતી. શ્રીજી મહારાજના સમયમાં નિર્માણ પામેલ તમામ મંદિરોમાં આ સૌના શ્રમયજ્ઞનો સિંહફાળો રહેલ છે. રમેશચન્દ્ર લા. પંડ્યા લખે છે, '.... સંપ્રદાયમાં જે સ્થળોએ ભગવાન શ્રી સ્વામિનારાયણે જાતે મંદિરો કરાવ્યાં છે તે પૈકી જો કોઈ મંદિર,ભગવાન અને ત્યાગી ગૃહસ્થ હરિભક્તોની જાતમહેનત સેવાશ્રમયજ્ઞથી નિર્માણ થયું હોય તો તેવું મંદિર એક જ છે - વડતાલ'.

## ગોમતી તળાવ

વડતાલમાં આજે જે ગોમતી તળાવ છે તે શ્રીજી મહારાજના સમયમાં ધારુ નામે તળાવ હતું. અહીં શ્રીજી મહારાજ આવતા અને પાસેના આંબાવાડિયામાં બિરાજતા. ધર્મકુળ પરિવાર સાથે સચ્ચિદાનંદ સ્વામી દ્વારિકાની જાત્રા કરી ગઢડા આવી તેમણે શ્રીજી મહારાજને જણાવ્યું કે, દ્વારકાધીશ શ્રી રણછોડરાયજી પોતાનાં સઘળાં તીર્થો અને પરિવાર સહ વડતાલમાં પધારશે. એટલે શ્રીજી મહારાજ સચ્ચિદાનંદ સ્વામી સહીત અન્ય સંત- ભક્ત સાથે ફાગણ સુદ ૧૧, વિ. સં. ના રોજ વડતાલ પહોંચ્યા. બીજા દિવસે ધારુ તળાવના કિનારે આવેલા આંબાવાડિયામાં સભા કરી સૌને પૂનમ સુધીમાં ધારુ તળાવને વધુ વિશાળ અને ઊંડું બનાવવા જણાવ્યું. સૌ પ્રથમ શ્રીજી મહારાજ પોતે ઊભા થયા અને એક કોદાળી લઈને તળાવની એક ચોકડી ખોદવા લાગ્યા. પોતે ખોદેલી માટી, એક ટોપલીમાં પાવડાથી ભરી અને પછી તે ટોપલી માથે ઊચકીને પાળની બાજુમાં નાખવા લાગ્યા. એમનામાંથી પ્રેરણા લઈ સૌ શ્રમયજ્ઞમાં જોડાયા. ચાર દિવસ ચાલેલા આ સેવા યજ્ઞમાં શ્રીજી મહારાજ સૌને પ્રોત્સાહિત કરતા; ક્યારેક તો મેલાં- ઘેલાં કપડાંવાળા ભક્તજનને ભેટી શાબાશી આપતા. પડવાને વહેલી સવારે શ્રીજી મહારાજે તળાવમાં એક જગ્યાએ વિધિવત પૂજન કરાવી ભીમજી પાર્ષદને ત્યાં ખોદવા જણાવ્યું ને એક હાથ ખોદાતાં જ ત્યાં ગોમતીજી પ્રગટ્યા. ત્યારે એમણે ધારુ તળાવનું નામ ગોમતીજી પાડ્યું.(શ્રીજી મહારાજે એમ પણ કહ્યું કે, ભારતમાં જેવી સાત પવિત્ર નદીઓ તીર્થરૂપ છે, ગઢડામાં જેવી ઘેલા નદી - ઉન્મતગંગા તીર્થરૂપ છે. તેવું આ ગોમતી સરોવર પણ તીર્થરૂપ ગણાશે. આ ગોમતીજી સરોવર ઉપર ત્રણ બાજુએ કોટ સાથે આખા પથ્થરોનો જે સુંદર ઓવારો બાંધેલો છે તે પ. પૂ વિહારીલાલજી મહારાજશ્રીના સમયમાં વિ. સં. ૧૯૪૯થી ૧૯૫૪ સુધીમાં એક લાખના ખર્ચે બનાવાયેલ.)

વડતાલ મંદિરની સેવ્ય પ્રતિમાઓ (મૂર્તિઓ)

વડતાલમાં પણ પ્રથમ નરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ હતી.

વડતાલ ખાતે હાલ જ્યાં શ્રી લક્ષ્મીનારાયણદેવનું મંદિર છે ત્યાં પ્રથમ એક બોરડીનું વૃક્ષ હતું. આ બોરડીના વૃક્ષના સ્થાને એક નાનકડું મંદિર બનાવી શ્રીજી મહારાજે પ્રથમ નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરી હતી.

વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવનું મંદિર બનતાં, વડતાલમાં પ્રથમ પ્રતિષ્ઠિત કરાયેલ નરનારાયણદેવની મુર્તિઓને ખાનદેશ-નિમાડમાં અલગ અલગ મંદિરોમાં પ્રતિષ્ઠિત કરાયેલ. (આધારઃ હરિકૃષ્ણાયન, પ્ર-૧૭, પૃ. ૩૯૪)

આ નર-નારાયણદેવની મુર્તિઓમાંથી નારાયણની મુર્તિ બુરહાનપુરમાં અને નરની મુર્તિ ધરગામે પછીથી પ્રતિષ્ઠિત કરવામાં આવેલ, એમ પૂ. નૌતમ સ્વામીએ જણાવેલ છે.

સ્વામિનારાયણ સંપ્રદાય એ ભાગવત્ ધર્મ (વૈષ્ણવ સંમ્પ્રદાય)નું એક સ્વરૂપ છે.તેમાં વૈકુંઠવાસી વિષ્ણુ, ગોલોકવાસી શ્રીકૃષ્ણ કે શ્વેતદ્વીપવાસી વાસુદેવ ભગવાનને એક જ પરબ્રહ્મ પરમાત્માનાં જુદાં જુદાં સ્વરૂપો માનવામાં આવે છે. 'શ્રીમદ્ ભાગવત્'ના પંચમ સ્કંધમાં ઉલ્લેખ કર્યા પ્રમાણે આ પરબ્રહ્મ પરમાત્મા 'નરનારાયણ ઋષિ'ના સ્વરૂપે બદરીકાશ્રમમાં સર્વ જીવોના કલ્યાણ માટે કલ્પ પર્યંત તપસ્યા કરી રહ્યા છે. આથી સંપ્રદાયમાં આ 'નરનારાયણ ઋષિ'ને ભરત ખંડમાં ઉપાસના કરવા યોગ્ય દેવ માનવામાં આવ્યા છે. સંપ્રદાયનાં શાસ્ત્રો અનુસાર આ કલિકાલમાં વધી ગયેલ આસુરી પરિબળોનો નાશ કરવા, સદ્ ધર્મની સ્થાપના કરવા પરબ્રહ્મ પુરૂષોત્તમ નારાયણે સ્વયં શ્રી નરનારાયણ ઋષિ દ્વારા દુર્વાસા મુનિના શાપને નિમિત્ત બનાવી સરવરિયા બ્રાહ્મણ કુળમાં ધર્મદેવ અને ભક્તિદેવી થકી 'ઘનશ્યામ' તરીકે અવતાર ધારણ કર્યો. તેઓ પાછળથી નારાયણ મુનિ, નીલકંઠવર્ણી કે શ્રી સહજાનંદ સ્વામી તરીકે ઓળખાયા, જેમણે' સ્વામિનારાયણ સમ્પ્રદાય' સ્વરૂપે નૂતન ભાગવત ધર્મનું અને કૃષ્ણભક્તિનું પ્રવર્તન કર્યું. સમ્પ્રદાયની આ માન્યતાની આસપાસ તેના તત્વજ્ઞાન અને ઉપાસ્ય દેવસ્વરૂપોનો તથા ઉપાસના-પધ્ધતિનો વિકાસ થયો છે.

સ્વામિનારાયણ સમ્પ્રદાયમાં શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતના તત્વજ્ઞાનને સ્વીકારવામાં આવ્યું છે. વિશિષ્ટાદ્વૈતમાં 'નારાયણ(વષ્ણુ)'ની ઉપાસના કરવામાં આવે છે. શ્રીજી મહારાજે સ્વામિનારાયણ સમ્પ્રદાયની વિશિષ્ટાદ્વૈતની ફિલસુફીમાં પુષ્ટિ સમ્પ્રદાયની સેવા-રીતિનો ઉપાસના-પધ્ધતિમાં સ્વીકાર કર્યો છે. જેથી કરીને નારાયણ (વિષ્ણુ)ની સાથે રાધાકૃષ્ણના યુગલ સ્વરૂપની અને કૃષ્ણનાં વિવિધ બાલસ્વરૂપોની ઉપાસના પણ કરવામાં આવે છે. આથી, સ્વામિનારાયણ સમ્પ્રદાયનાં મંદિરોમાં નારાયણ(વિષ્ણુ)નાં વિવિધ સ્વરૂપો- નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ, વગેરેની તથા રાધાકૃષ્ણનાં યુગલ સ્વરૂપનાં વિવિધ નામરૂપો- મોરલી મનોહર અને રાધીકાજી, મદનમોહન અને રાધીકાજી, ગોપીનાથજી અને રાધીકાજી- વગેરેની પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાઈ છે. સાથે શ્રી સહજાનંદ સ્વામીનાં વિવિધ નામસ્વરૂપો —હરિકૃષ્ણ, વાસુદેવ કે ઘનશ્યામ-ની મૂર્તિઓની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'પંચાયતન દેવો'ની પૂજાનો પણ સ્વિકાર કરવામાં આવ્યો છે. આ પંચાયતન દેવોમાં શિવ, પાર્વતી અને ગણેશની સ્થાપના સમ્પ્રદાયનાં મુખ્ય છ મંદિરોમાં થયેલી છે. સુર્ય દેવની સ્થાપના ગઢડા ખાતે થઈ છે. વિષ્ણુના મુખ્ય મુખ્ય અવતારોની પ્રતિષ્ઠા વડતાલ મંદિરમાં કરાઈ છે. આ સેવ્ય દેવોની પ્રતિમા સાથે 'શ્રી હરિકૃષ્ણ મહારાજ' કે 'વાસુદેવ' નામસ્વરૂપે શ્રી સહજાનંદ સ્વામીની દ્વિભુજ પ્રતિમા પણ સ્થાપવામાં આવી છે. કેટલાંક મંદિરોમાં તેમનાં માતા-પિતા 'ધર્મ-ભક્તિ'ની દ્વિભુજ પ્રતિમા સાથે પણ શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિમા સ્થાપવામાં આવી છે. શ્રી સહજાનંદ સ્વામીની પ્રતિમાઓ માનવ સ્વરૂપે દ્વિભુજ અને સમભંગ(સીધી ઉભેલી) સ્થિતિમાં જોવા મળે છે. તેમની સ્વતંત્ર પ્રતિમાઓ 'શ્રી ઘનશ્યામ મહારાજ' તરીકે ઓળખાય છે.

વડતાલસ્થિત પૂર્વાભિમુખ સ્વામિનારાયણ મંદિરના મધ્ય ગર્ભગૃહમાં 'શ્રી લક્ષ્મીનારાયણ'ની સફેદ આરસની મુખ્ય પ્રતિમા છે. તેની સાથે શ્રી રણછોડજીની કાળા પથ્થરની પ્રતિમા સ્થાપીત કરેલી છે. શ્રી લક્ષ્મીનારાયણ દેવના વામ ભાગે 'લક્ષ્મીજી'ની દ્વિભુજ પ્રતિમા પધરાવેલી છે. શ્રી નારાયણનાં આયુધોનો ક્રમ છે—નીચેના જમણા હાથમાં ગદા અને ઉપરના હાથમાં પદ્મ તથા ઉપરના ડાબા હાથમાં શંખ અને નીચેના હાથમાં ચક્ર. આમ પ્રતિમા વિધાનની દ્રષ્ટિએ વિષ્ણુના ચોવીસ સ્વરૂપમાં 'વિષ્ણુ' સ્વરૂપની આ પ્રતિમા છે. શ્રી રણછોડજીની પ્રતિમાના હસ્તમાં આયુધનો ક્રમ છે શંખ, ચક્ર, ગદા અને પદ્મ. આ સ્વરૂપ પણ વિષ્ણુના 'નારાયણ' સ્વરૂપનું છે. શ્રી રણછોડજીની બંન્ને તરફ ક્રમબધ્ધ સ્થિતિમાં સનકાદિકોના લઘુ શિલ્પ ગોઠવેલાં છે.

મંદિરના ઉત્તર તરફના ગર્ભગૃહમાં ધર્મ, ભક્તિ અને વાસુદેવ(હરિકૃષ્ણ)ની ધાતુ-પિત્તળની પ્રતિમાઓ પધરાવેલી છે. ધર્મદેવ અને વાસુદેવની પ્રતિમાઓના બંન્ને હસ્ત આગળ કાટખૂણે ધારણ-સ્થિતિમાં રાખેલા છે, જ્યારે ભક્તિમાતાનો જમણો હસ્ત વરદ્- મુદ્રામાં અને ડાબો હાથ ઉપર મુજબ ધારણ-સ્થિતિમાં રાખેલો છે.

દક્ષિણ તરફના ગર્ભગૃહમાં ધાતુ-પિત્તળની બનેલી રાધાકૃષ્ણ અને હરિકૃષ્ણ મહારાજની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરેલી છે.

ઘૂમટની નીચે જુદા જુદા છ ગવાક્ષોમાં વિષ્ણુનાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ આદિ અવતારોની તથા સૂર્યનારાયણ અને શેષશાયી વિષ્ણુની પ્રતિમાઓ સ્થાપિત કરેલી છે.

મંદિરની દક્ષિણ દિશામાં આવેલા અક્ષરભુવનમાં પ્રથમ માળે શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ઠની બનેલી પૂર્ણ કદની ઊભી પ્રતિમા અને બીજે માળે તેમની બેઠેલી પ્રતિમા સ્થાપેલી છે.

અક્ષરભુવનની પશ્ચિમે આવેલા હરિમંડપમાં- જ્યાં રહીને શ્રી હરિએ શિક્ષાપત્રી લખી હતી- ત્યાં પણ શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ઠની કલાત્મક ઊભી પ્રતિમા સ્થાપીત કરેલી છે. આ કાષ્ઠની પ્રતિમાઓને શરીરને અનુરૂપ ઘઉંવર્ણ રંગથી રંગવામાં આવી છે. આંખો અને શરીરના અવયવોની રચના આબેહૂબ અને જીવંત જણાય છે. જે આધૂનિક કલાનું અગત્યનું લક્ષણ છે.

મંદિરની પૂર્વ તરફના મુખ્ય પ્રવેશ દ્વારમાં ગણપતિ

અને હનુમાનજીની સામ્પ્રદાયિક પરંપરા પ્રમાણે કંડારેલી ભવ્ય મૂર્તિઓ સ્થાપિત કરેલી છે.

दोहा

सांई मंदिर में श्रीहरि, पधराए बहु देव ।
तेहि सबके कहुं नाम शुभ, सुनि अध टरे ततखेय ॥

हरि

शुभ लक्ष्मीनारायन अरु रळछोडराय अनूपहु,
पुनि भक्तिधर्म श्रीकृष्ळ सुन्दर सबहुंकुं सुखरुपहु ।
अरु राधिकाजुत कृष्ळपुनि निजमूर्ति सहजानंदी,
रवि मच्छ कच्च वराह नृसिंह शेषशाई स्वछंदही ॥६॥

दोहा -

एहि सब मूर्ति श्रीहरि, स्थापन कीनि अप ।
तिनके दरशन करहुके, मिटे सबही पाप ॥७॥
द्वारवती वरतालकुं, कीनी श्रीघनश्याम ।
द्वारिकेश यहां आयके, देत दर्शन सुखधाम ॥
सो-निज आयुधकी छाप, संग लाए पुनि महाप्रभु ।
छाप लेई टरे पाप, गोमति नाई शुद्ध होत जन ॥९॥

(મંજૂકેશાનંદ કાવ્ય, ઐશ્વર્ય પ્રકાશ, અધ્યાય-૧૮)

### સૂર્યનારાયણદેવ વડતાલ પધાર્યા

વડોદરા ખાતે ગોપાળાનંદ સ્વામી રહેતા અને સૌને શ્રીહરિનું માહાત્મ્ય બતાવી સત્સંગી બનાવતા. ત્યારની આ વાત છે.

વડોદરા ખાતે ખારી વાવ ઉપર દસ બાર સુરૈયા લવાર સત્સંગી રહેતા હતા. એક દિવસ આ સૌ સત્સંગીઓએ ગોપાળાનંદ સ્વામીની પધરામણી પોતાના ઘરે કરાવી. સ્વામી દસ - બાર સાધુ સાથે ગયા. ભક્તોએ પણ સ્વામીની તથા સર્વે સાધુની ચંદન પુષ્પ વડે પૂજા કરી, ચાદરો ઓઢાડી ને દસ સેર પેંડા બરફીનો થાળ ધરાવ્યો.

ગોપાળાનંદ સ્વામી આ ભક્તોના ઘર પાસે એક મોટું જૂનું શિખરબંધ સૂર્યનારાયણ દેવનું મંદિર જોઈ ત્યાં દર્શને ગયા. આ મંદિરના પૂજારી એક દક્ષિણી બ્રાહ્મણ હતા. સ્વામીએ મંદિરમાં જઈ, દર્શન કરી, સૂર્યનારાયણદેવ સમક્ષ બરફી - પેંડાનો થાળ નૈવેદ્ય રુપે મૂક્યો.

ગોપાળાનંદ સ્વામીએ સૂર્યનારાયણ દેવને પૂછ્યું, 'પ્રભુ! આપ પ્રસન્ન છો?'

સૂર્યદેવે કહ્યું, 'સેવાપૂજા તો આ બ્રાહ્મણ કરે છે, પણ ધર્મ જાળવતા નથી. જળ પાન ને થાળ વગેરે અશુધ્ધ હોય છે. એથી અમે જમતા નથી. આથી ઉપવાસ પડે છે. કોઈ કોઈ વખતે સૂકો મેવો - ફળ ધરાવે ત્યારે જમીએ છીએ, રાજાનું વર્ષાસન છે આથી રાજ વૈભવ સઘળો છે. આજ આપે પેંડા બરફીનો થાળ મૂક્યો છે તેથી જમીશ.' સ્વામી બોલ્યા, 'સારું. આપ જમો.' સૂર્યનારાયણ દેવ અડધો પ્રસાદ જમી ગયા ને બાકીનો સૌને પ્રસાદીરુપે આપવા સ્વામીને જણાવ્યું.

સૂર્યનારાયણ દેવે સ્વામીને કહ્યું, 'સ્વામી! આજકાલ શ્રીહરિ આ પૃથ્વી પર અવતાર ધારણ કરીને અનેક જીવોનાં કલ્યાણ કરે છે. પોતાના એકાંતિક ભક્તોને સુખ આપે છે. હું પણ એ પ્રભુનો એકાંતિક ભક્ત છું. અને મને પણ તેમણે તેજ પ્રતાપ અને મોટપ આપી છે. માટે મારી પણ ઈચ્છા છે કે, એ મહાપ્રભુની સમીપ રહી એમની સેવા કરું.'

સ્વામીએ દેવને કહ્યું, ' ભલે જેવી આપની ઈચ્છા. અમે ચાર દિવસ પછી વડતાલ જઈએ છીએ, અને આ કારતકી સમૈયો કરવા શ્રીહરિ પણ ગઢપુરથી વડતાલ પધારવાના છે. ત્યાં શ્રી લક્ષ્મીનારાયણ આદિ ભગવાનના સ્વરૂપને શ્રીહરિએ સ્થાપન કર્યા છે અને પોતે શ્રી હરિકૃષ્ણ મહારાજ સ્વયં મૂર્તિરુપે ત્યાં અખંડ રહ્યા છે. તેમના સમીપમાં તમારી પ્રતીમા પણ ત્યાં સ્થાપન કરીશું. એમ થતાં, શ્રીહરિના સેવક નૈષ્ટિક બ્રહ્મચારી તમારી પૂજા - નેવૈદ્ય વગેરેની સેવા નિરંતર કરશે.'

ગોપાળાનંદ સ્વામીની વાત સાંભળી સૂર્યનારાયણ દેવ અતિ પ્રસન્ન થઈ ગયા. બોલ્યા, ' વાહ, સ્વામી વાહ! સ્વામી તમે મારી મૂર્તિ ભગવાનના સમીપમાં સ્થાપન કરશો એથી મોટી પદવી હવે બીજી કઈ? ધન્ય છે, સ્વામી તમને ધન્ય છે.'

સ્વામીએ કહ્યું, 'દેવ! અમે સાતમને દિવસે જઈશું.. માટે તમે વિપ્ર બનીને અમારી સાથે, ગાડીમાં બેસીને આવજો.' આમ કહી, સ્વામી પ્રણામ કરી ચાલ્યા.

સાતમને દિવસે ગોપાળાનંદ સ્વામી વડતાલ જવા નીકળ્યા. સાથે સાધુ અને હરિભક્તો હતા. ખારી વાવના ખાંચા પાસે સૂર્યનારાયણ દેવના મંદિર પાસે સ્વામીએ ગાડી ઊભી રખાવી. સ્વામી, પાંચ સાત સાધુ સાથે, મંદિરમાં ગયા અને દેવની પ્રતિમાને પ્રણામ કરી બોલ્યા, ' ચાલો.' એટલે, સૂર્યનારાયણ દેવની પ્રતિમામાંથી દેવ એક વૃધ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારી બહાર આવ્યા અને સ્વામી સાથે ગાડીમાં બેઠા. સ્વામી, એ વૃધ્ધ બ્રાહ્મણ સહીત વડતાલ બીજે દિવસે પહોંચ્યા.

આ બાજુ વડતાલથી જોબનપગી, સુંદર પગી, તખા પગી અને જુહો પગી ગઢડા ગયા ને એમણે શ્રીહરિનાં દર્શન કરી, પ્રાર્થના કરી કે: 'હે પ્રભુ! આ ગઢડામાં, આ દાદા ખાચર આદિક સૂર્યવંશી ક્ષત્રિય તમારા ભક્ત છે. તેમના કુળના દેવ સૂર્યદેવનું આપે આ મંદિરમાં સ્થાપન કર્યું છે. અમે પણ એમના જેવા ક્ષત્રિય વંશના ને સૂર્યવંશી છીએ. અમારા કુળદેવ પણ સૂર્ય છે. તો, કૃપા કરીને વડતાલમાં સૂર્યદેવનું સ્થાપન કરો.'

આ સાંભળી શ્રીહરિએ સામે પૂછ્યું, 'આપણે વડતાલ ખાતે સૂર્યદેવનું સ્થાપન કરીશું?' જોબન પગી અને સૌ એકી સાથે બોલી પડ્યા. 'હા, મહારાજ!'

વળી, જોબન પગી વગેરે બોલ્યા, 'મહારાજ! આ બાબતે ગોપાળાનંદ સ્વામીની મરજી જાણવી હોય તો ત્યાં આવે ત્યારે જાણજો.'

શ્રીહરિ બોલ્યા, ગોપાળાનંદ સ્વામી અમારા થકી ક્યારેય જુદા રહેતા નથી. એ નિરંતર ભેળા ને ભેળા જ છે. વડોદરા હોય કે બ્રહ્માંડ, જ્યાં અમે ત્યાં એ અને જ્યાં એ ત્યાં અમે. એમનું હૃદય તે અમે ને અમારું હૃદય તે એ. એમણે જે સંકલ્પ કર્યો તે અમે જ્યારથી સૂર્યનારાયણ દેવને વડતાલ સ્થાપન કરવાનો નિર્ણય કર્યો ત્યારથી જ સ્વામી તો સૂર્યનારાયણને વડતાલ સ્થાપન કરવાને અર્થે વડોદરાથી પોતાની સાથે તેડીને જ આવી રહ્યા છે. એ અમારી વાટ જુએ છે. માટે, ચાલો આપણે સૌ વડતાલ જઈએ.

શ્રીહરિ સંત મંડળ સહીત વડતાલ પધાર્યા. ગોપાળાનંદ સ્વામી અને વૃધ્ધ બ્રાહ્મણ શ્રીહરિના દર્શને ગયા. શ્રીહરિએ વૃધ્ધ બ્રાહ્મણને યોગ્ય આસને બેસાડ્યા. એ જોઈ, ભક્તોએ વિચાર્યું, કોઈ વિદ્વાન બ્રાહ્મણ આવ્યા લાગે છે. સમાધિનિષ્ટ ને દિવ્ય દૃષ્ટિવાળા સમજી ગયા કે, વૃધ્ધ બ્રાહ્મણ એ સૂર્યનારાયણ દેવ છે.

શ્રી લક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં બીજે દિવસે શ્રીહરિએ સપ્તમુખી ઘોડાના રથમાં બિરાજમાન સૂર્યદેવને વિધિ સહીત સ્થાપન કર્યા. અને, એજ સમયે બ્રાહ્મણરુપ દેવ તેજના પ્રવાહ રુપ થઈ પોતાના સ્વરૂપમાં લીન થયા.

પોતાની મૂર્તિમાંથી સૂર્યનારાયણ દેવે શ્રીહરિને કહ્યું, 'આ ગોપાળાનંદ સ્વામીએ મને આપના સમીપમાં અખંડ નિવાસ અપાવ્યો છે. મને ઘણો આનંદ થયો છે. આપનું આપેલું તેજ, પ્રતાપ અને અધિકાર હું ભોગવું છું તે આપના દ્વારા થયેલ મારંસન્માન છે. આ અતિ આશ્ચર્ય છે!'

શ્રીહરિ બોલ્યા, 'આપ હવે અહીં જ અખંડ બિરાજમાન રહો. અમારા નૈષ્ટિક બ્રહ્મચારી, અહીં શ્રી લક્ષ્મીનારાયણ દેવ વગેરેની જે રીતે સેવા-પૂજા કરે છે. તે રીતે તમારી પણ કરશે.' શ્રીહરિએ આ નિમિત્તે મોટો ઉત્સવ કર્યો.

જેમ સચ્ચિદાનંદ સ્વામી સાથે દ્વારિકાથી રણછોડરાયજી વડતાલ પધાર્યા, તેમ ગોપાળાનંદ સ્વામી સાથે વડોદરાથી સૂર્યનારાયણ દેવ પધાર્યા.!!

## આદ્ય આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી દ્વારા પ્રથમ મૂર્તિપ્રતિષ્ઠાવિધિ વડતાલ મંદિરમાં

ચૈત્ર વદ સાતમ, વિ.સં. ૧૮૮૬. અંગ્રેજી વર્ષ ઈ.સ. ૧૮૩૦નું. વડતાલના શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરમાં શ્રી રણછોડરાયજીની મૂર્તિ પ્રતિષ્ઠાવિધિનો દિવસ.

આ મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ આદ્ય આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવેલ. આદ્ય આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રી દ્વારા કરવામાં આવેલ પ્રથમ મૂર્તિ પ્રતિષ્ઠાવિધિ.

આપણે એ વાતથી તો પરિચિત છીએ કે, ધર્મકુળના સભ્યો શ્રીજી મહારાજની સંમતિ થકી દ્વારિકાની જાત્રાએ ગયેલા. એમની સાથે શ્રીજી મહારાજે સમાધિનિષ્ઠ સંત સચ્ચિદાનંદ સ્વામી અને કેટલાક પાર્ષદોને મોકલેલા. સ્વામિનારાયણ સંપ્રદાયના આ અકિંચન સંતને દ્વારિકા ખાતે દ્વારિકાધીશનાં દર્શનની ખૂબ અગવડ પડી. સચ્ચિદાનંદ સ્વામીની સાચી ભક્તિ અને દર્શનની ખેવનાથી પ્રસન્ન થયેલા દ્વારિકાધીશે વરદાન માગવા કહ્યું.

સચ્ચિદાનંદ સ્વામીએ પ્રાર્થ્યું, 'હે પ્રભુ! આપે મને દર્શન આપ્યાં. એનાથી અધિક કશું નથી. પણ, એક પ્રાર્થના છે. અહીં તો ધનાઢ્ય જ યાત્રા કરી શકે. અમારા જેવા સ્ત્રી ધનના ત્યાગી એવા ભગવાન સ્વામિનારાયણના સંતો તો આપના દર્શન કરી જ ન શકે. અમારા પર આપ દર્શનની કૃપા કરો.'

ભગવાન દ્વારકાધીશે કહ્યું, 'હે સ્વામી! તમ જેવા સાચા સંતો માટે અહીં યાત્રા કરવી કઠીન છે. તમે જે કહ્યું તે સાચું છે. અહીંના વ્યવહારથી હું પણ દુખી છું. મને પણ અહીં રહેવું ગમતું નથી. શ્રીહરિ અહીં પધાર્યા ત્યારે મેં તેમને કહેલું કે, આપના એકાંતિક સંતોના નિવાસમાં મને પણ સ્થાન આપશો. શ્રીહરિએ એમ કરવાની સંમતિ પણ આપેલ. વળી, શ્રીહરિએ મારા સ્વસ્વરૂપ શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા વૃત્તાલયપુરના મંદિરમાં કરી છે. માટે, મારા અહીંના સમગ્ર તીર્થો સહિત ત્યાં આવીશ અને દ્વારિકા યાત્રાનો લાભ ત્યાં સૌને આપીશ.'

સચ્ચિદાનંદ સ્વામીએ દ્વારિકા ખાતે થયેલ ભગવાન દ્વારિકાધીશનાં દર્શનની વાત જ્યારે ગઢડા ખાતે શ્રીહરિને કહી ત્યારે શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા. એમણે ગોપાળજીભાઈ વગેરેને ડુંગરપુર દ્વારિકાધીશની મૂર્તિ લાવવા મોકલ્યા. મૂર્તિ જોયા બાદ પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેની પ્રતિષ્ઠાવિધિનું મુહૂર્ત કઢાવ્યું. પોતાની તબિયત નાદુરસ્ત હતી તેથી શ્રીહરિએ દક્ષિણદેશના આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીને વડતાલ જઈ શ્રી રણછોડરાયજીની મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરવા જણાવ્યું.

આદ્ય આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીએ, શ્રીહરિની આજ્ઞા થકી, વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિરમાં શ્રી રણછોડરાયજીની મૂર્તિ પ્રતિષ્ઠા ચૈત્ર વદ ૭, વિ.સં. ૧૮૮૬ના રોજ કરી. આ પ્રસંગે અમદાવાદ દેશના આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી પણ ખાસ ઉપસ્થિત રહેલા.

આ પ્રતિષ્ઠા થકી આચાર્યની પદવીનો પ્રત્યક્ષ અમલ પણ શરુ થયો. થોડા દિવસ બાદ ચૈત્રી સમૈયો આવતો હતો. તેની ઉજવણી પણ નવપ્રતિષ્ઠિત આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં થઈ.

## વડતાલ મંદિર ચિત્રકલા

### ચિત્રકલાઃ-

વડતાલ સ્વામિનારાયણ મંદિરના ઘુંમટમાં, એના પ્રાંગણમાં આવેલા સાધુ-સંતના આવાસોની તથા હવેલીઓની દીવાલો પર અને મંદિરને ફરતા કોટની દીવાલો પર અનેક ભીંતચિત્રો આજે પણ જળવાઈ રહ્યાં છે. 'આ ભીંતચિત્રોનો મુખ્ય વિષય-વસ્તુ પૌરાણિક અને સામાજીક છે, અને તે

ગુજરાતની પરંપરિત પ્રાદેશિક ચિત્રકલાના છેલ્લા તબક્કાના નમૂના છે. એમાં સમ્પ્રદાયની વિશિષ્ટ કલાની અસર જણાતી નથી, પરંતુ સ્થાનિક લોકકલાની અસર વધુ જણાય છે. સ્ત્રી-પુરૂષોનાં આભૂષણ અને પહેરવેશ પર સૌરાષ્ટ્ર, કચ્છ ,મારવાડ ,મહારાષ્ટ્ર વગેરે અનેક પ્રદેશોની અસર વરતાય છે. આ ચિત્રો તત્કાલીન ધાર્મિક અને સામાજીક જીવન તથા રાજકીય પરિસ્થિતિનું પ્રતિબિંબ પણ પાડે છે.' (દવે,પૃ.૩૫-૩૬) આ બધાં ચિત્રો સમ્પ્રદાયના પ્રસિધ્ધ ચિતારાઓ કડિયા રૂપા કચરા, કડિયા નથુ કાળા, ઈશ્વર ઝવેરભાઈ મિસ્ત્રી, ગિરધર કાનજી, સાધુ કૃષ્ણચરણદાસ, કડિયા શિવરામ દેશરાજ, કડિયા માધા કચરા, રંગીલદાસ ભાવસાર, ગણપતરામ વનમાળીદાસ ભાવસાર વગેરેએ ચિત્રિત કરેલાં છે.

વડતાલ મંદિરનું કામ પૂરૂં થયા પછી તેના પ્રતિષ્ઠા મહોત્સવના દિવસોમાં શ્રીહરિ મંદિરની કલાકારીગીરી નિહાળવા નીકળે છે. તે સમયે ચાલી રહેલા મંદિરના ઘૂંમટના ચિત્રકામ અંગેની વિગતોનું વર્ણન આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી રચિત 'શ્રીહરિલીલામૃતમ્' માં કરવામાં આવ્યું છે. તેમાં થયેલા ઉલ્લેખ મુજબ ઘૂમટનાં ચિત્રો ગોંડલના મનજી નામના વિપ્ર કલાકારે દોરેલાં. તેની ચિત્રકલાના ઉત્તમ નમુનાઓ નિરખીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને પાઘડી, શાલ સોનાની કંઠી વગેરે ભેટોથી એમણે તેને નવાજી દીધો હતો. ઉપરાંત મંદિરની ત્રણેય શૃંગાર ચોકીઓના નાના ઘૂમટમાં મૂળ ચિત્રોનાં રેખાંકનો ઠીકઠીક હાલતમાં જળવાઈ રહ્યાં છે,જેમાં આ વિપ્ર કલાકારનું રેખાકૌશલ્ય, ચિત્રોની સુંદરતા તથા લોકકલાનો પ્રભાવ વગેરે આજે પણ છાનાં રહેતાં નથી. વડતાલ મંદિરના મુખ્ય ઘૂંમટનાં વિપ્ર મનજીએ દોરેલાં ચિત્રો ઝાંખાં થઈ જતાં સુરતના ચિતારા શ્રી ગણપતરામ ભાવસાર પાસે આશરે સીત્તેર વર્ષ પહેલાં તેને તૈલ રંગોથી નવાં કરાવી દેવાયાં છે.

વડતાલ મંદિરમાં જોવા મળતાં કેટલાક ચિત્રો સ્વામિનારાયણ ચિત્રકલાનાં ખાસ ઉલ્લેખનીય નમુના ગણી શકાય. શ્રી ગણપતરામ ભાવસારે દોરેલ અને વડતાલ મંદિરમાં શ્રી રામપ્રતાપભાઈની હવેલીમાં પ્રતિષ્ઠિત કરાયેલ બે પ્રસિધ્ધ અને મોટાં પટચિત્ર—(૧) 'શિક્ષાપત્રી લખતા શ્રી સહજાનંદ સ્વામી' અને (૨) 'કલાત્મક અને સુવર્ણજડિત મંડપમાં સમભંગ સ્થિતિમાં ઉભેલા અને સોળે શણગારથી સજ્જ એવા પૂર્ણ પુરૂષોત્તમ શ્રી ઘનશ્યામ મહારાજ '-ખૂબ ઉલ્લેખનીય છે. આ ચિત્રોમાં સોનાના વરખનું તથા મોતી અને રંગીન બુટ્ટાઓનું જડતરકામ ઉત્તમ રીતે કરેલું છે. શ્રી ઈશ્વરભાઈ ઝવેરભાઈ મિસ્ત્રીએ ઈ. સ. ૧૯૦૯માં ૧૦ ફૂટ ૧૩૫ સે.મી.માં બનાવેલ અને વડતાલ મંદિરના સભામંડપમાં ગોઠવેલાં બે પટચિત્ર-(૧) શ્રીજી મહારાજના અધ્યક્ષપદે બે દેશવિભાગમાં સંપ્રદાયનું વિભાજન અને આચાર્યપદની પ્રતિષ્ઠા અંગે વડતાલ મંદિરના પ્રાંગણમાં યોજાયેલી સભા'નું પટચિત્ર અને (૨) 'વડતાલમાં રંગમહોત્સવ'નું પટચિત્ર—ઉલ્લેખનીય છે. આ પટચિત્રોમાં 'અનેક વ્યક્તિઓને ચિત્રિત કરવામાં આવી હોવા છતાં દરેકના ચહેરા અને શરીર રચના આબેહુબ, સ્પષ્ટ અને સપ્રમાણ છે. રંગ-સંયોજન પણ ઉત્તમ કક્ષાનું છે.' (દવે, પૃ. ૫૧)

ગણપતરામ ભાવસારની જેમ સુરતના રંગીલદાસ ભાવસાર પણ સમ્પ્રદાયના ઉત્તમ ચિતારા અને એમણે દોરેલાં ઘણાં ચિત્રો વડતાલ મંદિરમાં આજે પણ જોવા મળે છે. રંગીલદાસે વડતાલ મંદિર પ્રકાશિત 'સત્સંગિજીવન' ગ્રંથને સચિત્ર બનાવેલ. આ ગ્રંથમાંનું નીલકંઠવર્ણીના વનવિચરણના દ્રશ્યની ભૂમિકામાં દેખાતા પહાડો અને એમાંથી વહેતી નદી-ધોધ- જંગલ વગેરેનું દ્રશ્ય ખૂબ વખણાયું અને છપાયું છે. આ ગ્રંથમાં પ્રસિધ્ધ થયેલાં ચિત્રોની શ્વેત અને શ્યામરંગી લીથોગ્રાફીક છાપ વડતાલ પ્રદેશનાં અનેક મંદિરોમાં આજે પણ જોવા મળે છે. કલાગુરૂ શ્રી રવિશંકર રાવલે પણ સંપ્રદાયનાં ચિત્રોનું નિર્માણ કરવામાં ફાળો આપ્યો છે. વડતાલના જ્ઞાન બાગના હરિમંદિરમાં એમણે ચિત્રિત કરેલી શ્રીજી મહારાજની તથા સંપ્રદાયના દેવોની મનોહર ચિત્રકૃતિઓ પ્રતિષ્ઠિત કરેલી છે. (આધારઃ સ્વામિનારાયણ ચિત્રકલા, કિરીટ જે. દવે)

## રૂપચોકીની ડબલ કમાન

વડતાલસ્થિત લક્ષ્મીનારાયણદેવ મંદિરનાં મુખ્ય પ્રવેશદ્વારની રૂપચોકીએ ડબલ કમાન છે. મુખ્ય દ્વારની રૂપ ચોકીની ડબલ કમાનની કથા કંઈક આવી છે.

આપણે એ તો જાણીએ જ છીએ કે, વડતાલ મંદિર નિર્માણનું કામ બ્રહ્માનંદ સ્વામીને શ્રીજી મહારાજે સોપ્યું હતું. બ્રહ્માનંદ સ્વામી એમના મંડળ સાથે મંદિર નિર્માણ અર્થે વડતાલ રહેતા હતા. મંદિરનું કામ ચાલુ હતુ એ દરમિયાન બ્રહ્માનંદ સ્વામી નિરીક્ષણ અર્થે ફરતા હતા. વડતાલ મંદિરમાં નિર્માણ પામી રહેલ સ્થંભ, કમાન, રૂપચોકી વગેરે તેઓ ધ્યાનથી જોતા હતા.

એકાએક બ્રહ્માનંદ સ્વામીએ કારીગરને બોલાવી કહ્યું, દરેક કમાનોમાં કોતરણી છે. આ મુખ્ય દ્વાર છે. તેની રૂપચોકીએ ડબલ કમાન કોતરણી કરી મૂકવી જોઈએ.

કારીગરે જવાબ આપ્યો, ' સ્વામી! દરેક મંદિરમાં મુખ્ય દ્વારમાં રૂપ ચોકીની એક જ કમાન કોતરાય છે. ક્યાંયે ડબલ કમાન કોતરાયેલી નથી. ડાકોર રણછોડરાયના મંદિરમાં પણ એક જ છે. આથી, મેં આંહી પણ એમ જ કરેલ છે.'

"તમે રાજવલ્લભ અને 'પ્રસાદમંડન' વગેરે શિલ્પકળાના ગ્રંથો ભણ્યા છો? સ્વામીએ કારીગરને પૂછ્યું

"ના, સ્વામીજી. અમે તો જૂના મંદિર ઉપરથી નકશો કરી નવું ચણીયે છીએ."

સ્વામીજીએ તત્કાળ ત્યાં એક કાગળ મંગાવી તેના ઉપર પોતે રૂપચોકીની ડબલ કમાનનું ચિત્ર દોર્યું. અને, શિલ્પકળાના નિયમ મુજબ તેમાં કોતરણી કરવાનાં સ્થાનો

બતાવ્યાં. સ્વામીએ કહ્યું, "આવી ડબલકમાન તથા સ્તંભો તેના શરભરણમાં હવે તમે તમારી કોતરણીની કારીગરી ઓળખી નકશો કરી તેના ફરમા કાપી ઘડાઈ શરૂ કરો. તમે આવું કામ ક્યાંયે નથી કરેલ તેથી તમને મનમાં ઘડ બેસતી નથી. પરંતુ આ મારો નકશો જોઈ તમે ચિત્ર દોરશો એટલે ભગવાન સ્વામિનારાયણના પ્રતાપે તમને આવડશે. એ માટે મારા આશીર્વાદ પણ છે."

કારીગરે સ્વામીના આદેશને પાળ્યો. સ્વામીએ કહ્યા મુજબ તેણે કમાન તૈયાર કરી. રૂપ ચોકીએ કમાન ગોઠવતાં બધા ખુશ થયા.

ચરોતરના મંદિરકામ કરનાર કારીગરો આ ડબલ કમાન જોવા વડતાલ આવતા. વાત બધે પહોંચી. નિષ્કુળાનંદ સ્વામી જ્યારે ધોલેરા મંદિરનું નિર્માણ કરતા હતા ત્યારે એમને આ ડબલ કમાનની વાત યાદ આવી. એ પણ વડતાલ આવ્યા, કમાનો જોઈ, નકશા દોરી ધોલેરા લઈ ગયા અને ત્યાં એવી ડબલ કમાન બનાવી.

વડતાલ અને ધોલેરાનાં મંદિરોમાં હાલ પણ ડબલ કમાન મુખ્ય દ્વારની રૂપ ચોકીમાં મોજુદ છે. ધોલેરા ખાતે તો આ કમાન નિષ્કુળાનંદ સ્વામીએ જાતે બનાવી હોઈ મંદિર દ્વારા આ કમાન સોને મઢાઈ છે!

## અક્ષર ભુવન
## ગુજરાતનું પ્રથમ ધાર્મિક સંગ્રહાલય

સ્વામિનારાયણ સંપ્રદાયના શિલ્પ-સ્થાપત્ય અને ચિત્રકલાના અભ્યાસી શ્રી કીરિટકુમાર જે. દવેએ એમના સંશોધન ગ્રંથ 'સ્વામિનારાયણ ચિત્રકલા' માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીની અક્ષર, ભુવન વડતાલ સંગ્રહાલયની પ્રવૃત્તિ બિરદાવતાં લખ્યું છે કે, "....ઐતિહાસિક અને કલાત્મક દૃષ્ટિએ મહત્વની ચીજવસ્તુઓની યોગ્ય જાળવણી કરીને તથા તેને પ્રદર્શિત કરીને ગુજરાતનાં ધાર્મિક સંસ્થાનોમાં સંગ્રહાલય પ્રવૃત્તિનો પ્રારંભ કરવાનો યશ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીને આપી શકાય." (પૃ. ૨૯) આ મૂલ્યાંકન એ સ્પષ્ટ કરે છે કે, અક્ષર ભુવન - વડતાલ એ પ્રથમ ધાર્મિક સંગ્રહાલય છે અને તેના યશના અધિકારી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી છે.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી વડતાલ ગાદીના આચાર્ય પદે લગભગ વીસ વર્ષ (સં. ૧૯૩૫ શ્રાવણ વદ ૮ થી સં. ૧૯૫૫ ભાદરવા વદ ૮) રહ્યા અને એ દરમિયાન સ્વામિનારાયણ સંપ્રદાયનો વિકાસ ટોચ પર પહોંચ્યો. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ ધર્મ અર્થે ખૂબ વિચરણ કર્યું. ગામે ગામ ફર્યા, અને રજવાડાં સહીત સર્વત્ર જગ્યાએ આદર પ્રાપ્ત કરી ધર્મશ્રધ્ધા જગાવી. એમના ધર્મ વિચરણ દરમ્યાન એમણે ગામેગામથી શ્રીજી મહારાજશ્રીની પ્રસાદીની ચીજ વસ્તુઓ અને કલાના નમૂનાઓ, દાગીના, ચિત્રકૃતિઓ વગેરે એકત્રિત કરી અને એની યથાયોગ્ય સાચવણી અને જાળવણી માટે વડતાલ મંદિર ખાતે અક્ષર ભુવનનું આયોજન કર્યું.

વડતાલ લક્ષ્મીનારાયણ દેવ મંદિર સંકુલમાં મંદિરની ઉત્તર દિશાએ ત્રણ માળનું ભવ્ય અક્ષર ભુવન આવેલ છે. અક્ષર ભુવનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના યોગમાં આવેલી વસ્તુઓ ગાદલાં, રજાઈઓ, વાસણો, વસ્ત્રો, રૂપાના અલંકારો, કંઠીઓ, માળાઓ, બેરકા, મણકા, ચિત્રો, પુસ્તકો, સિક્કા, રૂપિયા, લાકડીઓ વગેરે અનેક વસ્તુઓ ભારે પરિશ્રમ કરી ભેગી કરવામાં આવી છે. વડતાલ ખાતે શ્રીજી મહારાજ જે બાર બારણાવાંળા હીંડોળામાં ઉગમણા ઓટે ઝૂલ્યા હતા તે હીંડોળો વચલાં બારણાં વિનાની હાલતમાં સચવાયેલો છે. લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા સમયે જે આરતીથી શ્રીજી મહારાજે આરતી ઉતારી હતી તે આરતી, જૂની શિક્ષાપત્રી, મહાભારતનું ઐતિહાસિક પુસ્તક, જુદાં જુદાં પ્રસંગે પહેરેલી ચાખડીઓ, હરિભક્તોને પાડી આપેલા ચરણારવિંદો, મૂર્તિપ્રતિષ્ઠા વખતે જે ગાગરમાં પાણી ભરીને અભિષેક કરવામાં આવ્યો હતો તે ગાગર, જે રથમાં બેસીને શ્રીજી મહારાજ આવ્યા હતા તે રથ, વચનામૃતમાં ઉલ્લેખાયેલ ચોફાળો અને રજાઈઓ પૈકી કેટલીક, શ્રીજી મહારાજ સ્નાન કરતા હતા તે વાસણો તથા ધરમપુરમાં ધારણ કરેલ મુગટ જેવી અલભ્ય દર્શનીય વસ્તુઓ અહીં સંગ્રહાઈ છે. આ પ્રસાદીની સામગ્રીની યાદી અને તેના અંગેની વાતો લખીએ તો એક અન્ય પુસ્તક થાય. આ અક્ષરભુવનમાં પ્રથમ માળે શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ઠની બનેલી પૂર્ણ કદની ઊભી પ્રતિમા અને બીજે માળે તેમની બેઠેલી પ્રતીમા સ્થાપેલી છે. આ મૂર્તિઓ કાષ્ઠકલાના ઉત્તમ નમૂના ગણાય છે.

રમેશચન્દ્ર લા. પંડ્યા લખે છે, "..... અક્ષરભુવનમાં સંગ્રહાયેલી વસ્તુઓનું વૈવિધ્ય અને પ્રમાણ વિશાળ અને અતિ રસપ્રદ છે. એનું અખંડ સ્મરણ ચિંતન કરનાર આત્યંતિક કલ્યાણનો નિઃશંક અધિકારી બને છે." (વડતાલ દર્શન, પૃ. ૨૭૭) એમ કહેવાનું મન થાય છે કે, કદાચ તત્કાલીન ભારતમાં અન્યત્ર આવું ધાર્મિક સંગ્રહાલય હોવાનું જાણવા મળતું નથી.

કિશોરલાલ મશરૂમવાળા લખે છે કે, 'વડતાલનું અક્ષર ભુવન એ એમની પ્રસાદીની વસ્તુઓનું મોટામાં મોટું સંગ્રહસ્થાન છે. એમણે વાપરેલાં વસ્ત્રો, ઘરેણાં, ચાખડીઓ, માળાઓ, એમના કેશ, નખ, દાંત, એમના ખાસ વપરાશમાં આવેલાં વાસણો, બાજોઠો, આસનો, ખાટલાઓ, ગાડીઓ અને પાંસાઓ પણ સાચવી રાખ્યા છે. વિદેશી માલે હિન્દુસ્તાનમાં પ્રવેશ કર્યો તેની તુર્તજ પહેલાં દેશી કારીગરોની ગુજરાતમાં કેવી સ્થિતિ હતી તેનો ખ્યાલ આપવામાં આ સંગ્રહસ્થાન જેમ જેમ વખત જશે તેમ અતિ ઉપયોગી લેખાશે'.

**શિક્ષાપત્રી સર્જન સ્થાન-શ્રીહરિ મંડપ**

'શિક્ષાપત્રી' શ્રીહરિએ વડતાલ ધામમાં રચી. પોતે લખી અને વડતાલ ધામમાં રહીને લખી એ અંગે 'શિક્ષાપત્રી'

(શ્લોક નં-૨) માં શ્લોક છેઃ

लिखामी सहजानंद स्वामी सर्वान्निआश्रितान् ।

नानोदेशस्थितान् शिक्षापत्री वृत्तालयस्थित: ॥ २

વડતાલધામમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર ખાતે શ્રીહરિ મંડપ નામે સ્થાન છે ત્યાં બિરાજી શ્રીજી મહારાજે શિક્ષાપત્રી સર્જન કર્યું હતું.

શ્રીહરિ મંડપ એટલે શ્રીજી મહારાજનું નિવાસસ્થાન. ભગવાન શ્રીહરિ અહીં નિવાસ કરીને રહેતા તેની ચિરંતન સ્મૃતિ રુપે આજે પણ સ્નાન માટેની ચોકડી, સ્નાન માટે પાણીની તાંબાકુડી, પાણી ગરમ કરવા માટેનું દેગડું અને અનેક પ્રસાદિની વસ્તુઓ અહીં સંગ્રહાઈ છે અને તેનાં દર્શન થકી લાખો સત્સંગીઓ શ્રીજીની ઉપસ્થિતિ સાક્ષાત અનુભવે છે.

ઈતિહાસ એમ કહે છે કે, મંદિરથી નૈઋત્ય ખૂણામાં પૂર્વે અહીં એક કોઠી હતી, તેને પડાવીને શ્રીહરિએ અહીં મંડપ બનાવડાવેલ.

હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય;
પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિએ કરાવ્યો.

## એ પણ સંતોના ધ્યાન માટે...

સંપ્રદાયનાં શાસ્ત્રોમાં એમ નોંધાયું છે કે, એકવાર ભગવાન શ્રીહરિએ ભગવદાનંદ સ્વામી આદિક ભણનારા સંતોને બોલાવી કહ્યું કે 'અમે સૌને ધ્યાન કરવા માટે યોગ્ય અને એકાંત સ્થાન નારાયણ મહોલ કરાવેલ તે રામપ્રતાપભાઈને ધ્યાન કરવા અને રહેવા આપ્યો, પછી હરિમંડપ કરાવ્યો તે સૌને ધ્યાન કરવા અનુકૂળ છે. અક્ષરમુક્તો પણ હરિમંડપમાં આવી ધ્યાન કરે છે. અમે અક્ષરમુક્તોને હરિમંડપમાં આવવાનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો કે, આ હરિમંડપ અને અક્ષરધામ એક છે. અહીં જે તમારું રુપ છે તે અક્ષરધામમાં છે. માટે અહીં આવીને તમારું ધ્યાન ધરીએ છીએ.' એમ કહી શ્રીહરિએ ભણનારા સંતોને આજ્ઞા કરી કે, તમે સૌ ભણનારા કલ્યાણ માટે હરિમંડપમાં મારી મૂર્તિમાં ચિત્ત રાખી ધ્યાન ધરજો. આ પ્રમાણે શ્રીહરિનું અતિ પ્રિય નિવાસસ્થાન હોવાથી આ સ્થળ સંપ્રદાય માટે પ્રસાદીનું બની રહેલ છે.

'શ્રીહરિલીલામૃત' (૧/૫/૩૪)માં ગવાયું છેઃ

રુડો મંડપ નૈરુતે છે, પ્રસાદીનું સ્થાન પવિત્ર એ છે;
જહાં બીરાજી જનને પ્રબોધિ, શિક્ષાની પત્રી ઘનશ્યામશોધિ.

કોઈક સંતે કહ્યું છે કે, '..જ્યારથી આ વિશ્વનું સર્જન થયું અને અધ્યાત્મિકતાનો સૂર્યોદય થયો ત્યાર પછી આજ સુધીમાં સ્વયં પરબ્રહ્મના હસ્તે આલેખાયેલ કોઈ ગ્રંથરત્ન હોય તો તે આપણી આચારસંહિતા શિક્ષાપત્રી છે અને તેનું આ મંડપમાં પ્રાગટ્ય થયું છે. એવો પવિત્ર આ હરિમંડપ છે.'

વડતાલસ્થિત શ્રીહરિમંડપમાં આજે શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ટ પ્રતિમા, પ્રસાદીની ૬૩ જેટલી અર્ચા છબિઓ અને સુખશય્યાનાં દર્શન થાય છે. નીચેના ભાગે શિક્ષાપત્રી આલેખનની દિવ્ય ક્ષણોને જીવંત બનાવતી શ્લોકાત્મક સ્મૃતિઓ કંડારવામાં આવી છે.

આ સ્થાનની અનેક દિવ્ય લીલાઓ છે.

## સભામંડપ

શ્રી લક્ષ્મીનારાયણદેવનાં મંદિર નિર્માણ માટે જે જમીન પ્રથમ સં. ૧૮૭૨માં ગામના નરવાદારોએ ધર્માદા આપી હતી તેની આથમણી હદ જ્ઞાનકૂપ આગળ પૂરી થતી હતી. સભામંડપ બંધાયો તે પહેલાં સભાઓ કાં મંદિરની પાછળના ચોકમાં થતી કાં આચાર્યશ્રીની હવેલીના પહેલા માળે વિશાળ સભાખંડ છે ત્યાં થતી હતી. હાલ જે સ્થાને સભામંડપ છે તે જગ્યા ગામના નરવાદાર પટેલ ત્રિકમભાઈ નરોત્તમદાસ અને પટેલ રણછોડભાઈ નરસિંહદાસની હતી અને જે પાટડી નામનું અડધા વીઘાનું ખેતર હતું. સભામંડપ બાંધવા માટે આ જમીનના બદલામાં બીજી જમીન આપીને લેવામાં આવી હતી. વડતાલ દેશના આચાર્યશ્રી પ. પૂ. ધ. ધૂ. શ્રી રઘુવીરજી મહારાજશ્રીના સમયમાં સં. ૧૯૧૨માં આમ નક્કી થયેલ, પરંતુ તેનો દસ્તાવેજ પ.પૂ.ધ.ધૂ આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રીના સમયમાં સં. ૧૯૧૩માં થયેલ.

પવિત્રાનંદ બ્રહ્મચારીજીના અથાગ પ્રયત્નોનું પરિણામ આ સભામંડપ છે, જેને પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજશ્રીએ સં. ૧૯૨૫માં વિધિવત રીતે ઉદઘાટીત કરેલ. એ દિવસોમાં આ સભામંડપના નિર્માણ પાછળ એંશી હજાર રૂા.નો ખર્ચ થયેલ.

વડતાલ મંદિરનો સભામંડપ બે માળનો છે. ભોંયતળિયાનો ભાગ સભાંડપ છે જ્યારે પહેલો અને બીજો માળ સંતો વગેરેના ઉતારા માટે ઉપયોગમાં લેવાય છે. સભામંડપની બાંધણી જમીનથી પાંચ ફૂટ ઊંચી છે. બે સમાંતર ઠેકાણે મૂકેલા પાંચ પગથિયાં ચડીને એમાં દાખલ થવાય છે. કલાત્મક કોતરણીવાળી પથ્થરની કુંભીઓ ઉપર મજબૂત ટકાઉ અને અખંડ સાગી લાકડાના ૭૦ થાંભલાઓ ઉપર આ સભામંડપ ઊભો કરાયેલ છે. આ ૭૦માંથી ૨૪ થાંભલાઓ દિવાલ સાથે જોડાયેલા છે. દરેક થાંભલાની ઊંચાઈ ૧'-૯' ટ ૫'-૯ વાળી ચોરસ કુંભી અને પાટડા સાથે ૧૪'-૩'' ફીટ છે અને તેનો વ્યાસ ૧'- ૧'' છે. ગોળ થાંભલા ઉપર ગોળ નકશીકિનાર છે. સભામંડપ પૂર્વ - પશ્ચિમ ૫૮ ફૂટ પહોળો અને ઉત્તર - દક્ષિણ ૧૪૩'-૯'' લાંબો છે. સભામંડપનો ઉત્તર છેડો હરિમંડપના મકાન સાથે લાકડાના પુલથી જોડી લેવામાં આવ્યો છે. બંધની ઊંચાઈ પહોળાઈ અને લંબાઈ એ બધું સભામાં હવા, પ્રકાશ અને પ્રતિધ્વનિની વૈજ્ઞાનિક યોજના મુજબ થયેલું છે. એટલે સભામંડપમાં થતાં કથા અને પ્રવચન સભામંડપમાં વ્યાસપીઠથી દૂર બેઠેલો શ્રોતા વિના પ્રયાસે સાંભળી શકે છે.

સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો પૈકી વડતાલના મંદિરમાં જેવો વિશાળ અને કલાત્મક સભામંડપ છે તેવો અન્યત્ર ક્યાંય જોવા મળતો નથી. (ક્રમશઃ)


# સત્સંગ સમાચાર




બલીયા(ઉત્તરપ્રદેશ) મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ સુરતના વક્તાપદે આયોજીત કથાપારાયણ. તા.૨૭/૩ થી ૨/૪/૨૦૧૯




નેપાનગર (મધ્યપ્રદેશ) મુકામે પૂ.વિશ્વપ્રકાશ સ્વામી-સાવદાના વક્તાપદે આયોજીત બંને કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તાથ ભક્તો. તા.૧ થી ૭/૪/૨૦૧૯




પોરબંદર મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ સુરત દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત શ્રી રમેશભાઈ ઓઝા તથા ભક્તોજનો. તા.૫ થી ૧૧/૪/૨૦૧૯




જલગાંવ (મહારાષ્ટ્ર) મુકામે પૂ.હરિપ્રકાશ સ્વામીના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.ગોવિંદ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૬ થી ૧૨/૪/૨૦૧૯






સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ૧૦ મી રવિસભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૪/૨૦૧૯



મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૧૦૦ મી બૃહદ્ રવિ સત્સંગ સભા
પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૪/૨૦૧૯




સાંકળી (જેતપુર) મુકામે પૂ.વિવેકસાગર સ્વામી દ્વારા આયોજીત પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૧ થી ૧૩/૪/૨૦૧૯



આમોદ મુકામે પૂ.ભક્તિસ્વરૂપ સ્વામી (નાહીયેર) દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.કેશવ સ્વામી, પૂ.વાસુદેવ સ્વામી, વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૧ થી ૧૭/૪/૨૦૧૯



ફેજપુર (મહારાષ્ટ્ર) મુકામે પૂ.માનસપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત કથાપારાયણમાં ઉપસ્થિત ભક્તજનો.
તા.૧૨ થી ૧૮/૪/૨૦૧૯





કરખડી(પાદરા) મુકામે પૂ.પ્રેમનંદન સ્વામી(ઉજજૈન) દ્વારા આયોજીત પુષ્પદોલોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૧/૪/૨૦૧૯




રાપર (કચ્છ) મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ સુરતના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો. તા.૧૩ થી ૧૯/૪/૨૦૧૯





મુંબઈ ઘાટકોપર મુકામે પૂ.અક્ષર સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯







ગોધરા મુકામે ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી મહારાજશ્રી, પૂ.વિશ્વવલ્લભ સ્વામી-પીજ વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯



કલાલી મુકામે પૂ.પ્રભુચરણ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત
પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯



ખંભાત મુકામે પૂ.ધર્મનંદન સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.ગોવિંદ સ્વામી વગેરે
પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯



નારગોલ મુકામે પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો.તા.૧૪/૪/૨૦૧૯



સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯



સેવાલીયા મુકામે પૂ.આત્મપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯




ઓસ્ટ્રેલીયા સીડની મુકામે ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯





ઓસ્ટ્રેલીયા મેલબોર્ન મુકામે આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯






પીજ મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯





સુરત ઘનશ્યામનગર મુકામે પૂ.નીલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯





બુરહાનપુર (મધ્યપ્રદેશ) મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત તથા મુંબઈ કલ્યાણ મુકામે પૂ.નિર્ગુણ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯



મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૪/૪/૨૦૧૯



સચીન સુરત મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ સુરતના વક્તાપદે આયોજીત મહાભારત કથા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૧ થી ૨૭/૪/૨૦૧૯




સુરત કરંજ મુકામે પૂ.સ્વરૂપજીવન સ્વામીનાં વક્તાપદે આયોજીત ભક્તચિંતામણી કથા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૪/૪/૨૦૧૯



બુધેજ - તારાપુર મુકામે પૂ.નારાયણચરણ સ્વામી દ્વારા આયોજીત પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા.૨૫ થી ૨૭/૪/૨૦૧૯




જેતપુર મુકામે પૂ.ભક્તિસંભવ સ્વામી(અમરેલી)ની પ્રેરણાથી ઢોલરીયા પરિવાર દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિસ્વરૂપ સ્વામી તથા પૂ.સંતો-ભક્તો. તા.૨૫/૪ થી ૧/૫/૨૦૧૯



વડતાલધામ મુકામે સાં.યો.શ્રી દુધીબા તથા સમગ્ર મંડળના યજમાનપદે આયોજીત શ્રી રણછોડરાયજી મહારાજનાં
૧૮૯ મા પાટોત્સવ પ્રસંગે જળયાત્રા, અભિષેક,અન્નકૂટ દર્શન. તા.૨૬/૪/૨૦૧૯



સાળંગપુરધામ મુકામે દર્શનાર્થે પધારેલા ગૃહમંત્રીશ્રી (ગુજરાત રાજ્ય) પ્રદિપસિંહ જાડેજાને આશીર્વાદ આપતાં પૂ.બાપુ સ્વામી,
પૂ.નૌતમ સ્વામી, કોઠારીશ્રી વિવેકસાગર સ્વામી તા.૨૭/૪/૨૦૧૯



વૃંદાવન ઉત્તરપ્રદેશ મુકામે પૂ.હરિવલ્લભ સ્વામીની પ્રેરણાથી આયોજીત પાટોત્સવ - કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી તથા પૂ.સંતો-ભક્તો. તા.૨૭/૪/૨૦૧૯



વડતાલધામ મુકામે અ.નિ.પ.પૂ.સ.ગુ.શ્રી માધવપ્રસાદદાસજી સ્વામી (ભરૂચ)ની સ્મૃતિમાં ધૂન કરવા પધારેલા
પ.પૂ.શા.શ્રી સરજુદાસજી સ્વામી તથા ભરૂચનાં સંતો ભક્તો. તા.૨૮/૪/૨૦૧૯





રાણપુર (જુનાગઢ) મુકામે પૂ.નારાયણચરણદાસજી સ્વામી (વ્રજભુમી)આણંદનાં વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પૂ.સંતો - ભક્તો. તા.૨૭/૪ થી ૪/૫/૨૦૧૯





વડતાલધામ મુકામે શ્રી જગદીશભાઈ મહેતા-મુંબઈનાં યજમાનપદે આયોજીત ભાગવત કથા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એવં વક્તાશ્રી કિશોરભાઈ દવે તથા સંતો-ભક્તો. તા.૨૮/૪ થી ૪/૫/૨૦૧૯






સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ૧૧ મી રવિ સત્સંગસભામાં ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી, વક્તાશ્રી પૂ.પ્રભુસ્વામી - વેડ મંદિર તથા સંતો-ભક્તો. તા.૨૮/૪/૨૦૧૯





જલગાંવ મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ઉનાળાની ગરમીમાં ગરીબોને ચંપલ વિતરણ. તા.૨૮/૪/૨૦૧૯





મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી નિમીત્તે વચનામૃત પધરામણી કરતાં પૂ.સંતો. તા.૧/૫/૨૦૧૯

## વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે
## પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ એવં
## ચેરમેનશ્રી દેવપ્રકાશદાસજી સ્વામી વગેરે સંત મંડળની આફ્રિકા સત્સંગ યાત્રા - ૨૦૧૯





વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું

# સત્સંગ વિચરણ

૨૦/૩/૨૦૧૯ કલાલી મુકામે પૂ.પવન સ્વામી દ્વારા આયોજીત ૨૦૪ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૧/૩/૨૦૧૯ વડતાલધામ દિવ્ય રંગોત્સવ એવં વચનામૃત પર્વ - ૪ પર ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો તથા વરણામા - વડોદરા ગુરૂકુલ પૂ.ધર્મવલ્લભ સ્વામી દ્વારા આયોજીત ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૩/૩/૨૦૧૯ ઉતરસંડા મુકામે ૨૯ મા પાટોત્સવ પ્રસંગે અભિષેક - સભામાં ઉપસ્થિત રહ્યાં

૨૪/૩/૨૦૧૯ ઉમરેઠ મુકામે પૂ.રઘુવીરચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત દ્વિદશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૫/૩/૨૦૧૯ કોબા(સુરત) મુકામે પૂ.નીકલંઠચરણ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૭/૩/૨૦૧૯ વડતાલધામ ઈન્ડીયાથી આફ્રિકા જવા પ્રયાણ તથા આફ્રિકા નૈરોબી એરપોર્ટ પર ભવ્ય સ્વાગત.

૨૮-૨૯/૩/૨૦૧૯ આફ્રિકા નૈરોબી - લંગાટા મંદિરમા ભવ્ય સ્વાગત સભા તથા હરિભક્તોને ઘરે પધરામણી.

૩૦/૩/૨૦૧૯ પૂર્વ આફ્રિકા નૈરોબીમાં ભવ્ય સ્વાગત સભા તથા હરિભક્તોને ઘરે પધરામણી.

૩૧/૩/૨૦૧૯ આફ્રિકા નૈરોબીમાં સવારે વડતાલધામ સત્સંગ મંડળ દ્વારા આયોજીત સત્સંગ સભામા ઉપસ્થિત રહ્યા તથા સાંજે પૂર્વ આફ્રિકા મંદિર દ્વારા આયોજીત રંગોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧-૩/૪/૨૦૧૯ નૈરોબીમાં કે.કે.વરસાણીને ત્યાં નિવાસ તથા હરિભક્તોના ઘરે પધરામણીનો લાભ આપ્યો.

૪/૪/૨૦૧૯ નૈરોબીથી મિલિન્દી કે.કે.વરસાણીનાં કે સોલ્ટ સાઈટ પર પધારી સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૫/૪/૨૦૧૯ મિલિન્દી થી બામ્બુરી સિમેન્ટમાં પધરામણી કરી મોમ્બાસા પધાર્યા ભવ્ય સ્વાગત - સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા.

૬/૪/૨૦૧૯ મોમ્બાસામાં હરિભક્તોનાં ઘરે પધરામણી- સત્સંગનો લાભ આપ્યો.

૭/૪/૨૦૧૯ મોમ્બાસાથી કેરીચો પધારી સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યાં.

૮/૪/૨૦૧૯ કેરીચોથી કિશી પધારી સત્સંગ સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૯/૪/૨૦૧૯ કેરીચોથી ટરોરો સિમ્બા સિમેન્ટ કાંતિભાઈ મેવાણીને ત્યાં પધરામણી - સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા.

૧૦/૪/૨૦૧૯ કીસુમું - એલ્ડોરેટ મંદિરમાં પધરામણી - સત્સંગ સભાનો લાભ આપ્યો.

૧૧/૪/૨૦૧૯ એલ્ડોરેટ થી નૈરોબી પધારી વડતાલધામ મંદિરની નૂતન જમીનમાં પધરામણી કરી.

૧૨/૪/૨૦૧૯ નૈરોબી આફ્રિકા થી ઈન્ડીયા પધાર્યા.

૧૪/૪/૨૦૧૯ વડતાલધામ મુકામે ચૈત્રી સમૈયા એવં શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે સવારે અભિષેકમાં ઉપસ્થિત રહ્યા તથા બપોર પછી વડોદરા ગોત્રી મુકામે પૂ.હરિકૃષ્ણ સ્વામી દ્વારા આયોજીત નૂતન મંદિર ઉદ્‌ઘાટન એવં પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો એવં રાત્રે વડતાલધામ મુકામે ૨૩૮ મા શ્રીહરિ પ્રાગટ્ય ઉત્સવની આરતી કરી.

૧૬/૪/૨૦૧૯ વડતાલધામ મુકામે ચૈત્રી સમૈયામાં નવા મુમુક્ષોને ભાગવતી સંત દીક્ષા આપી સભામાં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૮/૪/૨૦૧૯ વડતાલધામ મુકામે ચૈત્રી સમૈયામાં ઉપસ્થિત રહી નૂતન ગ્રંથ વિમોચન એવં દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૧૯/૪/૨૦૧૯ વડતાલધામ મુકામે વચનામૃત પર્વ - ૫ પ્રસંગે ઉપસ્થિત રહી વચનામૃતનું પૂજન-આરતી-અભિષેક વગેરે કરી ચૈત્રી સમૈયાની પૂનમની સભામાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૧/૪/૨૦૧૯ આણંદ રોકડીયા હનુમાનજી મંદિર મુકામે પૂ.સત્સંગભૂષણ સ્વામી દ્વારા આયોજીત શ્રી હનુમાન જયંતિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૬/૪/૨૦૧૯ સવારે વડતાલધામ મુકામે સાં.યો.શ્રી દુધીબાનાં યજમાનપદે આયોજીત શ્રી રણછોડરાયજી મહારાજનાં ૧૮૯ મા પાટોત્સવ પ્રસંગે અભિષેકમાં ઉપસ્થિત રહ્યા.બપોર પછી બુધેજ મુકામે પૂ.નારાયણચરણ સ્વામી દ્વારા આયોજીત વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૨૭/૪/૨૦૧૯ દાંદા ભરૂચ મુકામે પૂ.ભક્તિસ્વરૂપ સ્વામી - નાહીયેર ગુરૂકુલ દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૧/૫/૨૦૧૯ વડતાલધામ મુકામે શ્રી જગદીશભાઈ મહેતા-મુંબઈનાં યજમાનપદે તથા શ્રી કિશોરભાઈ દવેના વક્તાપદે આયોજીત ભાગવત કથા પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

૪/૫/૨૦૧૯ રાણપુર મુકામે પૂ.નારાયણચરણ સ્વામી - વ્રજભુમિનાં વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૬/૫/૨૦૧૯ જસદણ મુકામે પૂ.ધર્મવલ્લભ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

૮/૫/૨૦૧૯ સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત શ્રી નારાયણ મુનિદેવના ૧૮૩ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.


૧૦/૫/૨૦૧૯ કૃષ્ણનગર (વડતાલ) મુકામે પૂ.ભક્તિનંદન સ્વામી (અથાણાવાળ) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા.તથા સાંજે હરિદ્વાર મુકામે પૂ.હરિવલ્લભ સ્વામી દ્વારા આયોજીત રજત જયંતી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

### વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા


# સંપ્રદાયના આગામી કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૭ મે થી ૧૭ જુન ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ચંદનના વાઘા |
| ૭ મે થી ૬ જુન ૨૦૧૯ | ગઢડા(ઘેલાકાંઠે) | પૂ.ભક્તિપ્રિયદાસજી સ્વામી દ્વારા આયોજીત | ભવ્ય શિક્ષાપત્રી મહાવિષ્ણુયાગ મહોત્સવ |
| ૨૫ થી ૩૧ મે ૨૦૧૯ | પીપલાણા | પૂ.મોહનપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી આયોજીત | ૬૬ મો પાટોત્સવ તથા કથાપારાયણ |
| ૬ જુન ૨૦૧૯ | નારગોલ | પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત | પાટોત્સવ |
| ૬ જુન ૨૦૧૯ | ઘનશ્યામનગર સુરત | પૂ.નિલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત | પાટોત્સવ |
| ૧૯ થી ૨૪ જુન ૨૦૧૯ | ચેન્નાઈ (તામિલનાડુ) | પૂ.વિશ્વવલ્લભ સ્વામીના વક્તાપદે | કથાપારાયણ |
| ૬ થી ૧૩ જુલાઈ ૨૦૧૯ | અમેરીકા | વડતાલધામ ન્યુજર્સી દ્વારા આયોજીત | પંચ દશાબ્દિ નિષ્ઠા મહોત્સવ |
| ૧૬ જુલાઈ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ગુરૂપૂર્ણિમા મહોત્સવ |
| ૫ થી ૧૧ ઓગષ્ટ ૨૦૧૯ | ઋષિકેશ | પૂ.વિશ્વવલ્લભ સ્વામીના વક્તાપદે | કથાપારાયણ |
| ૧૯ થી ૨૫ ઓગષ્ટ ૨૦૧૯ | જગન્નાથ પુરી | પૂ.વિશ્વવલ્લભ સ્વામીના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૨ થી ૨૮ ઓગષ્ટ ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૯ ઓગ. થી ૪ સપ્ટે.૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ |
| | | | કાર્તિકી સમૈયો |
| ૨૯ નવે. થી ૫ ડીસે.૨૦૧૯ | વડોદરા હરિનગર | પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |

## અક્ષરવાસ : પ.પૂ.સ.ગુ.શ્રી માધવપ્રસાદદાસજી સ્વામી ગુરૂ પ.પૂ.સદ્.શ્રી ભક્તિકિશોરદાસજી સ્વામી - વડતાલ



મૂળ કંડારી ગામના વતની ને નાની વયથી જ વડતાલમાં વસતા પ.પૂ.સ્વામી શ્રી માધવપ્રસાદદાસજીનો તા. ૧૩/૪/૨૦૧૯ ને શનિવારે સવારે ૪:૦૦ વાગે ૮૮ વર્ષની વયે ભરૂચ ખાતે શ્રીહરિ સ્મરણ કરતા અક્ષરવાસ થયો છે. પૂ.સ્વામીશ્રીના અક્ષરવાસથી વડતાલ દેશના સંતો તેમજ ભક્તોએ ઘેરા શોકની લાગણી અુભવી હતી. પૂ.સ્વામીશ્રીએ અલ્પવયે પ.પૂ.આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી. શરૂઆતથી જ સ્વામીશ્રીને સેવાનું અંગ હતું. સેવામાં વિશેષતઃ દેવ સેવાની રુચિ હતી. તેઓશ્રીએ ૪૦ વર્ષ પૂર્વે ચાણોદ મંદિરની કોઠારી પદે રહી સેવા કરી હતી. સારંગપુર, જુનાગઢ તેમજ ભરૂચ મંદિરમાં દેવ સેવા કરી સત્સંગનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. છેલ્લા આંઠ વર્ષથી નાદુરસ્ત તબિયતને કારણે ભરૂચ મંદિરમાં રહેતા હતા. અ.નિ.પ.પૂ.માધવપ્રસાદ સ્વામીને વરતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ નિજ મૂર્તિનું સુખ આપે તેમજ સ્વામીશ્રીના મંડળના સંતો ભક્તોને આ દુઃખદ પ્રસંગે ધીરજ એવં વિશેષ સત્સંગનું બળ આપે એજ અભ્યર્થના.



## અક્ષરવાસ : પ.ભ. પાર્ષદ શ્રી ગોવિંદભગત ગુરૂ પ.પૂ.શ્રી જગતપાવનદાસજી સ્વામી - વડતાલ

મૂળ ઢીકવાળી ગામના વતનીને છેલ્લા ઘણા વર્ષોથી વડતાલધામમાં સમર્પિત થઈ સેવા આપતા પાર્ષદવર્ય શ્રી ગોવિંદભગત તા. ૧/૫/૨૦૧૯ ને બુધવાર રાત્રે ૯:૩૦ કલાકે વડતાલધામમાં ૭૫ વર્ષની વયે શ્રીહરિ સ્મરણ સાથે અક્ષરવાસી થયા છે. અ.નિ.ભગતજી સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામીની પરંપરાના હતા. તેઓશ્રીએ વડતાલધામને પરિવાર માનીને તન-મન-ધનથી સેવા કરી હતી. તેઓશ્રીએ સત્સંગ પરાયણ જીવન વ્યતીત કર્યું હતું. સત્સંગ સેવા દરમ્યાન પોતાને જે કંઈ વસ્તુ પદાર્થ - ભેટ પ્રાપ્ત થઈ હતી તે સર્વ શ્રી લક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરીને દેવ નિષ્ઠાના દર્શન કરાવ્યા હતા. તેઓશ્રીના અક્ષરવાસ નિમિત્તે દેવોને આજીવન થાળ, ગૌશાળામાં ગૌ સેવા વગેરે પૂણ્ય તિથિના સેવા કાર્યો તેમના મંડળ દ્વારા કરવામાં આવ્યા હતા. વરતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ અ.નિ. પાર્ષદ શ્રી ગોવિંદ ભગતને નિજ મૂર્તિનું સુખ આપે એજ અભ્યર્થના



**જસદણ** મુકામે પૂ.ધર્મવલ્લભ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.દેવકૃષ્ણ સ્વામી, પૂ.ભક્તિજીવન સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તજનો. તા.૫ થી ૯/૫/૨૦૧૯



**વડતાલધામ** મુકામે ૩૫ મી રવિસભા પ્રસંગે કથામૃતનું રસપાન કરવતાં આ.કો.શ્રી સંત સ્વામી, તથા ઉપસ્થિત પૂ.સંતો-ભક્તો. તા.૫/૫/૨૦૧૯



**કૃષ્ણનગર (વડતાલ)** મુકામે પૂ.ભક્તિનંદન સ્વામી (અથાણાવાળા) દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા.૮ થી ૧૦/૫/૨૦૧૯



## ચંદનના વાઘાની સેવા

વ્હાલા ભક્તો, જય શ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે, વૃત્તાલયધામમાં બિરાજતા શ્રી હરિકૃષ્ણ મહારાજ એવં શ્રી લક્ષ્મીનારાયણદેવ આદિ દેવોને તા.૭/૫/૨૦૧૯ થી તા.૧૭/૬/૨૦૧૯ સુધી "ચંદન" ના "શણગાર" ધારણ કરાવવામાં આવશે.


જે સેવાભાવી ભક્તોએ આ અવસરે ચંદનના વાઘાની સેવાનો લાભ લેવાની ઈચ્છા હોય તેમણે રૂબરૂ અથવા વડતાલની ઓફિસમાં ફોન પર સંપર્ક કરવો.

નોંધ :- (૧) ચંદનના વાઘાની સેવા માટે એક દિવસના રૂા.૨૦૦૦/- છે.

(૨) ચંદન ઘસવાની સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ નીચેના નંબર પર સંપર્ક કરવો.

ફોન નં. (૦૨૬૮) ૨૫૮૯૭૨૮, ૨૫૮૯૭૭૬, ભાવેશભાઈ - ૭૨૦૩૦૯૨૬૦૫

# નૂતન પ્રકાશનો....





શિક્ષાપત્રી ભાષ્ય



વચનામૃત



હરિલીલામૃત



કીર્તનમુક્તાહારમ્




શિક્ષાપત્રી પંચરત્ન



શિક્ષાપત્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા નૂતન પ્રકાશનો


### ॥ શ્રી વચનામૃતમ્ ॥



પેજ 728

Rs. 50/-


### શ્રીકીર્તનકૌસ્તુભમાળા



પેજ 272

Rs. 60/-


### કીર્તનધારા



પેજ 784

Rs. 20/-


### શિક્ષાપત્રી
નિત્ય નિયમાવલી



પેજ 240

Rs. 10/-


### શિક્ષાપત્રી
સંસ્કૃત - ગુજરાતી



પેજ 112

Rs. 5/-


### ભક્તચિંતામણિ



પેજ 800

Rs. 50/-

### શ્રી ભગવદ્ ગીતા



પેજ 320

Rs. 45/-


### કીર્તનમુક્તાહારમ્



પેજ 525

Rs. 100/-

### શ્રીહરિલીલામૃતમ
ભાગ ૧ થી ૪



પેજ 2000

Rs. 300/-

# વડતાલધામ ચૈત્રી સમૈયો તા.૧૪ થી ૧૯/૪/૨૦૧૯

જળયાત્રા પોથીયાત્રા









અભિષેક - અન્નકૂટ દર્શન









સંત દીક્ષા










શ્રીહરિ જયંતી હોમાત્મક યજ્ઞ તથા મારૂતિ યજ્ઞ






પાડગોલ થી વડતાલ દંડવત યાત્રા



આણંદ હનુમાનજી મંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ અનાવરણ



વાઘા અર્પણ વિધિ

## વડતાલધામ ચૈત્રી સમૈયો તા.૧૪ થી ૧૯/૪/૨૦૧૯











## દીપ પ્રાગટ્ય એવં કથાપારાયણ









## ૨૩૮ મો શ્રીહરિ પ્રાગટ્યોત્સવ


# વડતાલધામ ચૈત્રી સમૈયો તા.૧૪ થી ૧૯/૪/૨૦૧૯



વડતાલધામ શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિક દેવોને ૨ કીલો ૩૦૦ ગ્રામનાં સુવર્ણનાં હાર અર્પણ કરતાં પ.પૂ.સ.ગુ.શ્રી જ્ઞાનજીવનદાસજી સ્વામી-નાસીક ગુરૂકુલનું શિષ્ય મંડળ



મુંબઈ ભુલેશ્વર શ્રી ગોલોકવિહારી મહારાજને હીરાજડીત સુવર્ણ મુંગટ અર્પણ કરતાં મુંબઈ સત્સંગ સમાજનાં આગેવાન ભક્તો.






# વડતાલધામ વચનામૃત પર્વ - ૫ તા. ૧૮-૧૯ એપ્રિલ ૨૦૧૯




















RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. “G-KHEDA-86/2017-19" Valid
up to 31.12.2019. Posted From Vadtal Post Office. on 20th Date of every Month

## ઉનાળાનાં ધોમધખતા તાપમાં વડતાલ મંદિર દ્વારા ૧૫૦ ઉપરાંત ગામડાઓમાં ૧૬૫ ઉપરાંત સ્વયંસેવકોની ૨૫ ટીમ દ્વારા ૧૦,૦૦૦ જોડી ચંપલ જરૂરિયાતમંદ ગરીબોને વિતરણ કરવામાં આવ્યું.

